|| શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ ||

શ્રી આર્ય - જય - કલ્યાણ - ગુણ - ગુણોદય - કલા - કવી - વીર - મહોદયસૂરિભ્યો નમઃ

# કલ્પસૂત્ર !

## તારો મહિમા અપરંપાર....

## (પર્વાધિરાજ પ્રવચન માલા)

**તૃતિય દિવસ 3**


**સંપાદન**

ગુણોદય મુક્તિ જય આશિષે
શાસન પ્રભાવિકા
પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
સુશિષ્યા
**સા. જયદર્શિતાશ્રીજી**



**પ્રકાશન**

**શ્રી શત્રુંજય એકેડેમી,**
**ચાલીસગામ**

: પ્રત :
૫૦૦

આગમ અભ્યાસી

# પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ની
# સંયમ શતાબ્દિ પ્રસંગે

પ્રકાશિત

સં.૨૦૮૦
ઈ.સ. ૨૦૨૪


પ્રકાશન તથા પ્રાપ્તિ સ્થાન

**શ્રી શત્રુંજય એકેડેમી**
શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય
સ્ટેશન રોડ, ચાલીસગામ. જિ. જલગામ
પીન - ૪૨૪૧૦૧

મુદ્રક – અશોક પ્રિન્ટરી, પાલીતાણા. મો. ૯૨૨૮૨૮૫૪૮૮

# સાદર સમર્પણ

સિદ્ધાચલ સ્નેહિ... નવકાર મંત્રારાધિકા...
અપ્રમત સંયમી... વૈયાવચ્ચ પ્રેમી... આગમ અભ્યાસી...
પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના દીક્ષા શતાબ્દિ પ્રસંગે

## સાદર સમર્પણ

– સા. જયદર્શિતાશ્રીજી
સા. હિમાંશુશ્રીજી

# મંગલમય વાત

પર્વાધિરાજ પર્વ !

એક અમુલ્ય અવસર !

આઠ આઠ દિવસ, આઠ કર્મોને નબળા પાડવા માટે સાધના-આરાધનાની ધૂણી ધખાવવાનો મંગલમય સુઅવસર.

કદિ દેરાસર ન આવનાર દેરાસરમાં આવે. કદિ દર્શન-પૂજા ન કરનાર પ્રભુની ભક્તિ ભાવથી વ્યાખ્યાનાદિના શ્રવણથી જીવન ધન્ય બનાવે. કલ્પસૂત્રના શ્રવણથી પવિત્ર બને.

ઘણા સમયથી શ્રાવક વર્ગની માંગણી હતી કે પર્વાધિરાજ પર્વના પ્રવચનની પુસ્તિકા છપાય તો કલ્પસૂત્રના વાંચનથી વંચિત રહેતા સામાન્ય જીવો પણ કલ્પસૂત્રના સારને એ પ્રવચનોના માધ્યમથી જાણી શકે.

એકદા આ વાત મનને સ્પર્શી ગઇ અને પર્વાધિરાજના સાત દિવસના પ્રવચનોની સાત નાની પુસ્તિકાઓ છપાવી પ્રસિદ્ધ કરવાનો સંકલ્પ કર્યો. આજે આ સંકલ્પ સાકાર થયો. સાત દિવસની સાત પુસ્તિકાઓ પર્વાધિરાજ પ્રવચનમાળાના સાત પુષ્પો રૂપે તમારા સહુના હાથમાં આપતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

સહુ એના પઠન, પાઠન, શ્રવણ, વાંચનથી આત્મ કલ્યાણ સાધે એ જ મંગળ પ્રાર્થના.

લાભાર્થી પરિવારોની ભૂરિ ભૂરિ અનુમોદના...

પર્વાધિરાજ પ્રવચનમાળાના લખાણમાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

– સા. જયદર્શિતાશ્રીજી

# પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.

(કુ. મણીબેન મુરજી લધાભાઇ ખોના - કચ્છ - સાંધવ)

વિ.સં.૧૯૮૧ના કાર્તિક વદ ૬ રવિવારના કચ્છ જસાપર ગામમાં શ્રેષ્ઠિવર્ય શ્રી જેઠાભાઇ નરશી કેશવજી નાયક (કચ્છ કોઠારા)એ ધામધૂમથી મણીબેનને બા ની સાથે દીક્ષા અપાવી.

મુનિમંડલ અગ્રેસર પ.પૂ. દાદાસાહેબ શ્રી ૧૦૮ શ્રી ગૌતમસાગરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ્રથમ મહત્તરા ગુરૂણીજી પ.પૂ.કનકશ્રીજી મ.સા.ના શિષ્યા સુમતિશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.જ્ઞાનશ્રીજી મ.સા. (નાની મ.સા.)ના શિષ્યા પ.પૂ.કેવલશ્રીજી (બા મ.સા.)ના શિષ્યા પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. બન્યા.

દીક્ષા શતાબ્દિ અવસરે એમના જીવનમાં કરેલી જ્ઞાન-ધ્યાન-તપ-જપ આરાધનાની હાર્દિક અનુમોદના.

## આરાધનાની ઝાંખી

સાધિક ૧૧૦૦૦ શ્લોક પ્રમાણ ૧૧ આગમ લખ્યા.

૧૪૭ બુકો (નોટ્સ) લખી જે પ્રાયઃ ૧૧ હજાર શ્લોક પ્રમાણ હતી.

૨૦૧ નવકાર મંત્રની બુકો લખી.

૨૧૦૦૦ નવકાર લખ્યા.

૧૫૭૦૦ નવકાર મંત્રના નકશા બનાવ્યા.

સાધિક ૮૧૫ જંબુદ્વિપ, અઢિદ્વિપ, ચૌદરાજ લોક વિગેરેના કપડા ઉપર નકશા બનાવી સાધુ-સાધ્વીજીને ભણવા પાઠશાળામાં આપ્યા.

૪૪ લાખ ૬ હજાર ૭૦૦ ગાથા પ્રમાણ સ્વાધ્યાય કર્યો.

૬૦૧ સૂત્રો-ચરિત્રોનું વાંચન કર્યું.

૨ કરોડ નવકાર મંત્ર અને સિદ્ધચક્રજીનો જાપ કર્યો.

૯૬૦ ગિરિરાજની યાત્રાઓ કરી.

૨૫૨૭ તલાટિની યાત્રાઓ કરી.

૪૧ હજાર અર્હં પદ લખ્યા. ૨ હજાર અરિહંત પદ લખ્યા.

બે હજાર નવકારના શ્લોક લખ્યા.

૧૦૧ તીર્થો અને બે હજાર પાંત્રીસ જિનાલયોના દર્શન કર્યા.

૮૩૬ ઉપવાસ, ૫૮૫ આયંબીલ, એક સોળ ભત્તું, ચાર અઠ્ઠાઇ, વીસ સ્થાનક, નવપદજી, જ્ઞાનપંચમી, ૭ મહિનાના સળંગ તથા સાડા પાંચ મહિના એકાંતરા આયંબીલ વિગેરે તપસ્યા કરી.

પાલીતાણા તીર્થે શેઠશ્રી કેશવજી નાયક ધર્મશાળામાં પ્ર.આસો વદિ ૧૩ સં. ૨૦૩૮ તા.૧૪-૧૦-૧૯૮૨ના સમાધિ પૂર્વક કાળધર્મ પામી વિશેષ આત્મ કલ્યાણ સાધવા પરલોકે પ્રયાણ કર્યું.

# ...તમે લાભ સવાયા લીધા...

## શ્રુત રત્ન સ્તંભ

★ મા. દેવકુંવરબાઈ ડૉ. મેઘજી વેલજી ધરમશી ગોરખડી
હ. ડૉ. ઉર્વશી, પ્રિયંવદા, વિધાતા, તક્ષશીલા – તાડદેવ.

★ કુ. વિરતી સુનિલ ખોના (વાંકુ) જલગાંવ

## શ્રુત સૂવર્ણ સ્તંભ

* કુ. શ્રુતિ પ્રફુલ વશનજી ગાલા (કોટડી મહાદેવપુરી) મુલુંડ
* સૌ. શર્મિલા ગિરીષ મૈશેરી (નાની સિંધોડી) ભાંડુપ
* કુ. વિયાના ચિરાગ લોડાયા (બારોઈ) જલગામ
* શ્રી ભાઈલાલભાઈ લખમશી લાલન (કોડાય) ઘાટકોપર
* સ્વ. સુધીરભાઈ ચીમનલાલ મોતા (સુથરી) અહમદનગર
* શ્રી દલેશભાઈ ઝવેરચંદ મોમાયા (સાંયરા) ચાલીસગામ
* સૌ. ભાવનાબેન મનિષ લોડાયા (વારાપધ્ધર) ચાલીસગામ

સર્વ શ્રુત લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના

## શ્રુત રજત સ્તંભ

* સૌ. મીનલ દિનેશ કામાણી (પરજાઉ) ઈંદોર
* ચિ. ઝિહાન સ્નેહલ જીતેન શાહ (હાલાપર) માટુંગા
* મા. કસ્તુરીબેન જયકુમાર મોમાયા (સાંયરા) ધુલિયા
* સૌ. રેખાબેન લલિત મોમાયા (સાંયરા) ચાલીસગામ
  સૌ. નેહા રવિકાંત તિવારી, સૌ. નમ્રતા આશિષ અરોરા,
  ચિ. નાયસા, ચિ. નિવિક
* ચિ. લય તેજસ લાલકા (મુલુંડ) કુ. યશા,
  વેદા કીંશુક લાલકા (સેંધવા)
* અક્ષિતા નાગડા (ઘાટકોપર), જીનલ નાગડા (હુબલી),
  સાચી શાહ (યુ.એસ.એ.)

# કલ્પસૂત્ર !
## તારો મહિમા અપરંપા

શ્રાવણ
વદિ
અમાસ

તૃતિય
દિવસ

જેવી રીતે સર્વ નદીઓની રેતીના કણીયાનું
પ્રમાણ કરવું અશક્ય છે...
જેવી રીતે સર્વ સમુદ્રના જલબિંદુનું
પ્રમાણ કરવું અશક્ય છે...
જેવી રીતે મેરૂ પર્વતને આંગળી વડે
તોલવો અશક્ય છે...
જેવી રીતે સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી
માપવું અશક્ય છે...
જેવી રીતે આકાશમંડલમાં પગથી
આક્રમણ કરવું અશક્ય છે...
તેવી રીતે કલ્પસૂત્રના અર્થનો
પાર પામવો પણ અશક્ય છે.

# કલ્પસૂત્ર તારો મહિમા અપરંપાર...

## શ્રી કલ્પસૂત્ર માંડણી

ॐ નમો અરિહંતાણં,
ॐ નમો સિદ્ધાણં,
ॐ નમો આયરિયાણં,
ॐ નમો ઉવજ્ઝાયાણં,
ॐ નમો લોએ સવ્વ સાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો;
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હોઈ મંગલં.

**નત્વા શ્રીમન્મહાવીરં, ગૌતમાદિ ગણાધિપાન ।**
**કુર્વેડહં કલ્પસૂત્રસ્ય, વ્યાખ્યાં બાલોપકારિણીમ્ ।।**

શાસનપતિ મહાવીરસ્વામિને નમસ્કાર કરીને, ગૌતમસ્વામિ આદિ ગણધર ભગવંતોને નમસ્કાર કરીને એમની જ કૃપાથી હું બાલજીવોના ઉપકારને માટે કલ્પસૂત્રની વાચના કરવા ઉદ્યમવંત થયો છું.

કલ્પસૂત્ર પરમાત્માની પાવન વાણીનું પાન કરાવતો એક તારક અત્યંત આદરણીય અદ્‌ભૂત આચાર સૂત્રનો ગ્રંથ છે.

આવા ગ્રંથની વાચના આપવાનું આપણું શું ગજું ? પરંતુ પ્રભુભક્તિ, આચાર ભક્તિ, શ્રુત ભક્તિ આવું પગલું ભરવા આ બાળકને જાણે મજબૂર કરે છે. જેવી રીતે પૂજ્યપાદ માનતુંગસૂરિએ ભક્તામર સ્તોત્રની રચના અંતર્ગત વાત કરી છે -

अल्प श्रुतं श्रुतवतां परिहास धाम,
त्वद् भक्ति-रेव मुखरी-कुरुते बलान्माम् ।
यत्कोकिलः किल मधौ मधुरं विरौति
तच्चारु-चाम्र-कलिका-निकरैक हेतुः ।।

આમ્રની મંજરી જેમ કોયલને મીઠું ગાન કરવા પ્રેરે છે તેમ દેવ અને ગુરુની અસીમ કૃપા જ આ કલ્પસૂત્ર આધારીત પર્વાધિરાજ પ્રવચનમાળાની રચના કરવા પ્રેરણા કરે છે. સૂત્ર અને સિદ્ધાંત ત્રણે કાળમાં પલટાતા નથી. વૃક્ષના મૂળીયા બદલાતા નથી પાનખર અને વસંત પાંદડાઓમાં પરિવર્તન લાવે છે. પરમાત્માના મૂળ સિદ્ધાંત કાયમ રહે છે વિવેચનમાં વિવિધતા આવી શકે છે. કલ્પસૂત્રની વાતોમાં કોઇ ફેરફાર સંભવિત નથી. સિદ્ધાંતમાં કે સૂત્રમાં જાણતા કે અજાણતાં પણ કોઇ બાંધછોડ કરવામાં આવે તો ઉત્સૂત્ર પ્રરૂપણા છે. જે અનંત સંસારની વૃદ્ધિ કરનાર છે... મહાપાપ છે.

ધર્મ આરાધના કરતા જીવોના ત્રણ પ્રકાર પાડી શકાય છે -

(૧) **સદૈય્યા** એટલે સદા સર્વદા આરાધનામાં જોડાયેલા જીવો. એમને બધા જ દિવસો આરાધના યોગ્ય લાગે.

(૨) **કદૈય્યા** એટલે ક્યારેક - ક્યારેક પર્વ પ્રસંગ હોય તો દેરાસર -ઉપાશ્રયમાં દેખાય. વારે-તહેવારે દર્શન-પૂજાદિ આરાધના કરે.

(૩) **ભદૈય્યા** એટલે ભાદરવા મહિને જ, બીજ-પાંચમના જ દેખાય. બે દિવસ દેરાસર - ઉપાશ્રયમાં આવે. આરાધનામાં જોડાય. બાકી દિવસ ધર્મ સાથે કોઈ સંબંધ જ ન હોય. એકમથી પ્રારંભ થતા કલ્પસૂત્રના શ્રવણનો એમને પણ લાભ મળી શકે છે.

આપણો નંબર ક્યાં લાગે ?

ભદૈય્યામાં હોય તો કદૈય્યામાં લગાડીએ અને કદૈય્યામાં હોય તો સદૈય્યામાં લગાડીએ.

હે ભવ્યજીવો....હે પુણ્યવંતા શ્રાવક-શ્રાવિકાઓ !

સાવધાન બનો... જાગૃત થાઓ. પ્રમાદ-નિદ્રાનો ત્યાગ કરો... નિંદા-વિકથાઓનો ત્યાગ કરો, વિવેકમાં નિર્મળતાની વૃદ્ધિ કરો... અંતરંગ દૃષ્ટિથી અવલોકન કરો...

સકલ સમીહિત પૂરવા અભિનવ કલ્પવૃક્ષ સમાન... ઉપમા ન આપી શકાય એવું નિરૂપમ... સકલ તત્વનિધાન એવા કલ્પસૂત્રની વાચનાનો પ્રારંભ થાય છે...

હિંદુઓમાં ગીતાનું સ્થાન મુખ્ય છે...

ખ્રિસ્તીઓમાં બાઈબલનું સ્થાન મુખ્ય છે...

શિખોમાં ગુરુ ગ્રંથ સાહેબનું સ્થાન મુખ્ય છે...

મુસ્લિમોમાં કુરાનનું સ્થાન મુખ્ય છે...

**તેમ જૈનોમાં કલ્પસૂત્રનું આગવું સ્થાન છે.**

**કલ્પસૂત્ર એક સંપૂર્ણ શાસ્ત્ર છે.**

દુધમાં બધા જ પૌષ્ટિક તત્વોનો સમાવેશ થાય તેથી તે પૂર્ણાન્ન કહેવાય છે, તેમ કલ્પસૂત્રમાં બધા જ શાસ્ત્રોનો સમાવેશ થાય છે.

શરીર વિજ્ઞાન હોય કે આત્મ વિજ્ઞાન હોય...

ભુગોળ હોય કે ખગોળ હોય...

સ્વપ્ન શાસ્ત્ર હોય કે નિમિત્ત શાસ્ત્ર હોય...

પદાર્થ વિજ્ઞાન હોય કે રસાયન શાસ્ત્ર હોય...

અણુ-પરમાણુ વિજ્ઞાન હોય કે આરોગ્ય શાસ્ત્ર હોય...

લક્ષણ શાસ્ત્ર હોય કે વ્યંજન વિજ્ઞાન હોય...

**કલ્પસૂત્ર બધી વિદ્યાઓનો અખૂટ ખજાનો છે... બધા જ શાસ્ત્રોની ખાણ છે.** આપણું સદ્ભાગ્ય છે કે

આવા સૂત્રના વાંચન-શ્રવણનો આપણને લાભ મળ્યો છે. આવો અપૂર્વ ગ્રંથ કોણે ઉપદેશ્યો? તે જણાવતાં કહે છે કે, દેવાધિદેવ શ્રી વીતરાગ ભગવંત, સુરાસુરસેવિત, ત્રિભુવન નાયક, અષ્ટ મહાપ્રાતિહાર્ય સંયુક્ત, અષ્ટદશ દોષરહિત, ચોત્રીશ અતિશય યુક્ત બિરાજમાન, પાંત્રીશ વચનાતિશયે કરી સાવધાન એવા શ્રી વીતરાગ પ્રભુએ આ **કલ્પસૂત્ર** ગ્રંથ દ્વારા **મોક્ષમાર્ગ પ્રરુપ્યો** છે.

શ્રી વીતરાગ પ્રભુના શાસનમાં અનેક પર્વો કહેવામાં આવ્યા છે. પરંતુ સર્વ પર્વોમાં શ્રેષ્ઠ પર્વ **પર્યુષણ પર્વ** છે તેથી જ તે **પર્વાધિરાજ પર્વ** તરીકે વિખ્યાત છે... પ્રસિદ્ધ છે. **શ્રેષ્ઠ પર્વમાં શ્રેષ્ઠ ગ્રંથ સ્વરૂપ કલ્પસૂત્રનું વાંચન કરવામાં આવે છે.**

'**કલ્પ**' શબ્દના અનેક અર્થ છે અહીં એનો 'આચાર' એવો અર્થ કરવામાં આવ્યો છે. આચાર જિનશાસનનો પાયો છે... Foundation છે.

સ્વામિ વિવેકાનંદ એકદા પાશ્ચિમાત્ય દેશોમાં હિંદુત્વના પ્રચાર અર્થે ગયા હતા. એકદા એક પાદરી (Father)એ એમને પોતાને ત્યાં પધારવાનું આમંત્રણ આપ્યું. સ્વામિ વિવેકાનંદ ત્યાં ગયા. ઘણી ધર્મની વાતો અને ચર્ચાઓ થઈ. વાતો વાતોમાં સ્વામિ વિવેકાનંદનું ધ્યાન દોરતાં પાદરીએ કહ્યું - ''આ કેવો યોગાનુયોગ છે કે અહિં મુકેલા પુસ્તકોમાં ગીતા સૌથી નીચે છે અને અમારું બાઈબલ સર્વથી ઉપર છે.''

હાજર જવાબી સ્વામિજીએ ક્ષણવાર પણ વિલંબ કર્યા વગર કહ્યું - ''જેમ છે તેમ બરાબર જ છે. જેમ છે તેમ જ રહેવા દો. ગીતા પાયો છે.. Foundation છે. એના આધારે બાઈબલ રહેલું છે. ગીતાને ત્યાંથી

હટાવવાનો પ્રયાસ કરશો તો બાઈબલ નીચે પડી જશે.''

પાદરી સ્વામિજી સામે જોતા જ રહ્યા. કોઈ જવાબ ન આપી શક્યા.

હે ભવ્યજીવો ! કલ્પસૂત્રમાં જણાવેલ આચાર ધર્મ જિનશાસનનો પાયો છે. જિનશાસન વિચાર કે પ્રચારને પ્રાધાન્ય ન આપતાં આચારને જ પ્રાધાન્ય આપે છે.

આજે જિનશાસનમાં જે આરાધના થાય છે એ બધી આરાધનાના મૂળમાં આચાર ધર્મ છે. આચાર વિનાનો પ્રચાર ખાંડ વિનાની મિઠાઇ જેવો છે. આવા આચાર ધર્મની સુંદર વાતો કલ્પસૂત્રમાં છે. સાધુની સમાચારી તો છે જ છે પરંતુ તીર્થંકર ગણધર અને સાધુ ભગવંતોના જીવન ચરિત્ર દ્વારા ભાઇનો ભાઇ સાથેનો વ્યવહાર... બાળક-યુવાનનો માતા-પિતા સાથે વ્યવહાર... ભાઇ-બહેનનો વ્યવહાર... પતિ-પત્નીનો પરસ્પર વ્યવહાર... શેઠનો નોકરની સાથેનો વ્યવહાર... રાજાનો પ્રજા સાથેનો વ્યવહાર... ગુરુ-શિષ્યનો વ્યવહાર... આવી અનેકાનેક બાબતો આવરી લેવામાં આવી છે. જીવનમાં સુખ-શાંતિ અને સમાધિને પામવા આજે પણ કલ્પસૂત્રનું શ્રવણ એક અનોખી ભૂમિકા ભજવે છે. એટલા માટે જ જિનશાસનમાં લાખો રૂપિયાની બોલી બોલીને કલ્પસૂત્ર ઘરમાં પધરાવવામાં આવે છે... એનો મોટા આંડબર પૂર્વક ધામધૂમથી વરઘોડો કાઢવામાં આવે છે. ઘણા જ સન્માન પૂર્વક ગુરુ ભગવંતને વહોરાવીને વાંચન કરાવવામાં આવે છે. બહુમાન પૂર્વક એનું શ્રવણ કરવામાં આવે છે.

હાલ વાતાવરણમાં પરિવર્તન જોવા મળે છે નવી યુવા પેઢીની વિચારધારા અલગ દિશામાં આગળ વધી

રહી છે. રોજ નવું જોઈએ છે.

આજના વાતાવરણમાં ઘણીવાર એક પ્રશ્ન ચર્ચાતો જોવા મળે છે.. આ પ્રશ્ન છે... 'દર વર્ષે કલ્પસૂત્ર શું સાંભળવાનું હોય ?' જેમ નાના બાળકને રોજ નવું રમકડું જોઈએ, જેમ યુવાનોને રોજ નવી ફેશન જોઈએ તેમ આ બધાને એમ લાગે છે કે દરરોજ... દર વર્ષે ધર્મના ગ્રંથ પણ નવા જ હોવા જોઈએ ? એની ફળશ્રુતિ સ્વરૂપે હવે વિવિધ મંડળો... સંસ્થાઓ, વિવિધ વક્તાઓને બોલાવી... વિવિધ વિષયો ઉપર પ્રવચનમાળા ગોઠવે છે. જેના દ્વારા ધર્મ સાંભળ્યાનો સંતોષ લઈને આજના કહેવાતા ધર્મીઓ ચાલી આવતી જુની પરંપરાને તોડીને કાંઈક ધર્મ ક્રાંતિ કર્યાનો ગર્વ પણ અનુભવે છે... પણ જો એમને પૂછવામાં આવે છે કે 'કલ્પસૂત્ર શા માટે નહિં ?' તો એનો જવાબ કદાચ 'દરવર્ષે' શું એનું એ જ સાંભળવું' એટલો જ હશે. અને જો આ મહાનુભાવોની કલ્પસૂત્ર ઉપર આધારિત પરીક્ષા લેવામાં આવે તો કેટલા જવાબ આપી શકે એ વિચારણીય બાબત છે.

મારા બંધુઓ... ! બ્લડ પ્રેશરનો દર્દી જો સામાન્ય જીવન જીવવા ઈચ્છતો હોય તો દરરોજ એક દવાની ગોળી એના માટે અનિવાર્ય બની જાય છે. બ્લડ પ્રેશરને કંટ્રોલ કરવામાં રાખવા માટે દરરોજ એની એ જ ગોળી ખાવી પડે છે, ડાયાબીટીસના દર્દીને જીવન જીવવા દરરોજ એ જ ઈંજેકશન લેવું પડે છે. શુગરને કંટ્રોલમાં રાખવા માટે... પૈસા કમાવવા માટે દરરોજ એક જ દુકાને બેસવું પડે છે... ઉંઘવા-રહેવા દરરોજ એક જ ઘરમાં આવવું પડે છે... આ બધું દરરોજના વ્યવહારમાં ચલાવી લેનાર ભાગ્યશાળીઓ જ્યારે દર વર્ષે વરસમાં એક વખત વંચાતા કલ્પસૂત્ર સામે પ્રશ્ન ઉઠાવે છે ત્યારે તેમની અજ્ઞાનતા ઉપર દયા આવે છે... બિચારા અજ્ઞાની

જીવોનું શું થશે ?

કારણ ? કલ્પસૂત્ર એક અદ્‌ભૂત... અલૌકિક... સંપૂર્ણ... આચાર ગ્રંથ છે. જેની બરોબરી કરી શકે એવો ગ્રંથ વર્તમાન વિશ્વના જ્ઞાન ભંડોળમાં બીજો નહીં જડે. ધર્મ અને પર્વ એ કેવળ સાંભળવા માટે નથી પણ એમના નિમિત્તે સાંભળેલ તત્વને આત્મસાત કરીને જીવનની હર ક્ષણને ધર્મમય બનાવવા માટે છે. આજે ધર્મ અને પર્વના નિમિત્તે ઘણી દોડધામ કર્યા પછી આપણી પાસે કશું જ રહેતું નથી...આપણે કાંઇ પણ મેળવી શકતા નથી એટલે જ આવા કેટલાય પર્વ મનાવ્યા છતાં આત્મકલ્યાણ ન થયું.

અરે ! કલ્પસૂત્રમાં એવી અદ્‌ભૂત તાકાત છે કે એક ધ્યાનથી એકવીસ વાર સાંભળનાર સાત ભવમાં મોક્ષને પામે છે. પણ એ સાંભળવાની ક્રિયા કરી છોડી દેવાથી નહીં. સાંભળ્યા પછી એવા બનવાની લગની લાગે પોતાના જીવનના દોષો અને દુર્ગુણો તરફ અણગમો પેદા થાય... એમને જીવનમાંથી વીણી-વીણીને દૂર કરવાની પ્રવૃત્તિ શરૂ થાય અને જીવનમાં ધીરે-ધીરે સુંદર ગુણોનો પ્રવેશ થાય... સાધનામાં સ્થિરતા આવે અને અંતે જીવ સિદ્ધિના શિખરને સર કરે છે.

જીવનમાં શાંતિ...સમાધિ...અને સમૃદ્ધિ આપવાની તાકાત કલ્પસૂત્રમાં છે. પરલોકમાં સદ્ગતિ અને અંતે મુક્તિ આપવાની એની શક્તિ છે. આવો આપણે આ દષ્ટિને નજર સામે રાખી કલ્પસૂત્રનું અવલોકન કરીએ.

આજે સામાન્ય દષ્ટિએ જગતના જીવોના ત્રણ વિભાગ થઇ શકે છે.

**૧. પ્રચારક :** એટલે પ્રચારમાં રાચનારા વાત ઘણી સામાન્ય હોય પણ એનો એવો પ્રચાર કરવામાં આવે

કે એને ઘણું જ મહત્વનું સ્થાન મળી જાય. ઘણીવાર વાસ્તવિકતા અને પ્રચારમાં જમીન આસમાનનું અંતર હોય છે.

**૨. વિચારક :** વિચારક એટલે વિચારોની દુનિયામાં રાચનારા આવા જીવો પાસે વિચારો અને વાતોના તડાકા ઘણા જ મોટા હોય પણ વર્તનમાં શુન્ય હોય છે.

**૩. આચારક :** આચારક એટલે આચારની દુનિયામાં લીન. આવા જીવો પાસે ન હોય પ્રચાર ન હોય વાતોના તડાકા જે કાંઇ હોય તે આચરણમાં સ્પષ્ટ દેખાય. આવી વ્યક્તિઓ બોલતી નથી પણ એમનું જીવન બોલે છે.

પૂછી લઉં એક સવાલ ?

આજની દુનિયા કેવી ? આપણે કેવાં ? આપણો નંબર ક્યાં લાગે છે ? પ્રચારકમાં... વિચારકમાં... કે પછી આચારકમાં ?

આજની દુનિયા ગમે તેને માનતી હોય...

આપણો નંબર ગમે ત્યાં લાગતો હોય...

પણ જૈન શાસન કહે છે આચરણ વગરનો વિચાર અને પ્રચાર બન્ને નકામા છે... જીવનને ઉંચે ચઢાવવું હશે... જીવનના કોઇ પણ ક્ષેત્રે કાયમી સિદ્ધિ હાંસલ કરવી હશે તો પ્રચારક નહિં... વિચારક નહિં... પણ આચારક બનવું પડશે.

આચરણનું મહત્વ વિશ્વ વિદિત છે... એટલે જ તો કહેવામાં આવે છે–

**If wealth is lost, nothing is lost;**
**If health is lost, something is lost;**
**If character is lost, everything is lost.**

આચાર એ જૈન શાસનનો પાયો છે.

આચરણમાં ગડબડ જૈન શાસનના પાયાને હચમચાવી નાંખશે. જૈન શાસનના પાયાની સલામતી માટે આચરણની સલામતી આવશ્યક જ નહિં પણ અનિવાર્ય છે.આચરણની શિથીલતાથી થતા અનર્થોથી આપણે અજાણ નથી જ... આજની જ નહિં... ભૂતકાળ... વર્તમાનકાળ તથા ભવિષ્યકાળ.. આ ત્રણે કાળની માંગ એક જ હતી... છે... અને રહેશે એ છે ત્રિકાળજ્ઞાની પરમાત્માએ બતાવેલા, ચિંધેલા... સ્વયં અનુસરેલા માર્ગે મક્કમતાથી, શુદ્ધ આચરણથી પ્રયાણ...

આ પ્રયાણ માટે આચારના અણીશુદ્ધ પાલન માટે જરૂરી છે વારંવાર પરમાત્માએ બતાવેલા આચારના નિયમોનું સ્મરણ, અને આ સ્મરણ માટે જરૂરી છે વાંચન... ચિંતન મનન અને સ્વીકાર !

સાધુએ બાર મહિનામાં એક વખત પરમાત્માએ બતાવેલી સાધુ-સમાચારી વાંચી જવી... એનું ચિંતન, મનન કરી... જીવનમાં ક્યાંય શિથિલતા પ્રવેશી હોય તો સંશોધન કરી... એને જીવનમાંથી દૂર કરવા કટીબદ્ધ બનવાનું છે... એના માટે કલ્પસૂત્રનું વાંચન જરૂરી જ નહીં અતિ આવશ્યક છે... અનિવાર્ય છે.

આજે શ્રાવકો પાસે સાધુના આચારનું જ્ઞાન નથી. આ અજ્ઞાનના કારણે સાધુનું ગમે તેવું વર્તન ચલાવી લેવાય છે. એનાથી શ્રી સંઘ દિવસે દિવસે નબળો પડતો જાય છે... શાસનના શ્રી સંઘના ઉત્થાન માટે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધ શ્રી સંઘના આચરણ શુદ્ધિની આવશ્યકતા છે.. એ માટે શ્રાવક-શ્રાવિકાઓએ જાગૃત થઇ અજ્ઞાન અને પ્રમાદ છોડી જ્ઞાન પ્રાપ્તિ માટે ખાસ સાધુજનોના આચારને જાણવાની જરૂર છે. એ કલ્પસૂત્રમાંથી જાણી શકે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવાનુસાર સમયાનુકુળ આચરણની અપેક્ષા જ નહિં પણ આગ્રહી બનવું એ સમયની માંગ છે. એમાં શાસન ઉત્થાનનો મહાન લાભ છુપાયેલો છે.

આ તો થઇ સમસ્ત શાસન અને સાધુ-સાધ્વીજી ભગવંતની વાતો. પણ આ કલ્પસૂત્રના અદ્ભૂત રહસ્ય સામાન્ય શ્રાવક-શ્રાવિકાના જીવનમાં પણ અણધાર્યું અચૂક પરિવર્તન લાવવા સમર્થ છે.

'સુખ' અને 'સુખના સાધન' મેળવવા ફાંફા મારી રહેલા આ વિશ્વને એક અલૌકિક દૃષ્ટિ કલ્પસૂત્રમાંથી મળી શકે છે. ચોવીસ તીર્થંકર અને અનેક સાધુ ભગવંતોના જીવનમાં જો કોઇ ડોકિયું કરે તો એને ખ્યાલ આવે કે રંગભર્યા રાજપાટને તરછોડીને આ રાજકુમારો... શેઠ... શાહુકારો એમને એમ વન વગડાની વાટે ચાલી નિકળ્યા હશે? સત્તા... સંપત્તિ... સુખ અને સુંદરી એ બધાની સામે બળવો પોકારી આ બધા એકલા અટુલા કઠોર સાધનાના પંથે ચાલતા થયા. એની પાછળ શું કારણ હશે ? જગતના ક્ષણિક સુખ અને સૌંદર્યને એજ લાત મારી શકે છે જેની આંખ જીવના (આત્માના) શાશ્વત સુખ અને સૌંદર્ય પર સ્થિર થઇ જાય છે...

એક ધ્યાનથી કલ્પસૂત્ર સાંભળનારની નજર શું ક્ષણવાર માટે પણ આ આત્મિક સૌંદર્ય પર સ્થિર ન થઇ

શકે ? કલ્પસૂત્ર દ્વારા આ આત્મ દૃષ્ટિની પ્રાપ્તિ થાય છે.

કલ્પસૂત્રમાં શું નથી એ પ્રશ્ન છે.

કર્મરાજા કોઈને મૂકતાં નથી.. કર્મરાજાના અટલ કાયદાનો પરિચય કરાવતા પ્રભુ આદિનાથથી માંડીને શ્રી મહાવીર સ્વામી સુધીના તીર્થંકરોના જીવન પ્રસંગોનું સુંદર આલેખન છે.

સર્વ પ્રકારના પરિષહ અને ઉપસર્ગોની સામે સમતાના અમીપાન કરતા પ્રસંગો આપણા જીવનમાં સમતાની સરીતાને વહેતી કરે છે.

પરિગ્રહથી પીડાતા... અસંતોષની આગમાં સેકાતા આજના માનવીને અપરિગ્રહ અને સંતોષની વાટ બતાવવા ખાવું પીવું અને મજા કરવી એ જ માનવ જીવનનો સાર નથી, પણ પુણ્યથી મેળવેલું પણ વૈરાગ્યથી ત્યાગીને સંયમના શરણે જીવન અર્પણ કરવું એમાં જ જીવનની સાર્થકતા છે એની અપૂર્વ સમજણ આપી છે...

જીવનમાં વિનયનું મુલ્ય સમજાવતી... માતૃ ભક્તિ અને પિતૃ ભક્તિ જણાવતી... પ્રભુ મહાવીરના જીવનની સુંદર વાતો છે...

બંધુ - પ્રેમની શિખામણ આપતા નંદિવર્ધન અને વર્ધમાનના જીવન-પ્રસંગો છે.

જીવદયાની હિતશિક્ષા આપતી નેમનાથ પ્રભુની પાછી વળેલી જાનનું કથાનક છે...

ધર્મ જ સુખ આપવા સમર્થ છે એવી સમજણ આપતી નાગકેતુની કથા છે...

કામ લંપટ બનેલા માનવીને વૈરાગ્યની રાહ ચિંધનાર.. લગ્નની રાતે જ આઠ-આઠ કન્યાને સંસારની

અસારતા સમજાવતી અને સંયમની કેડીએ ડગ માંડવા સજ્જ કરતી જંબુકુમારની અમર ગાથા છે...

બાર-બાર વરસ કોશા વેશ્યાને ત્યાં વિતાવીને પણ કામવિજેતા બની... વેશ્યાને શ્રાવિકા બનાવનાર... ચોર્યાસી ચોવિસી અમર બનનાર સ્થુલિભદ્રની ગૌરવગાથા છે...

સ્વભાવને ભૂલીને પ્રભાવના ચક્કરમાં પડેલા સ્થૂલીભદ્રના કારણે ચૌદપૂર્વના રહસ્યના આવેલા અંતની કરૂણ દાસ્તાન છે..

ભૌતિક સુખના વાયરામાં... ભોગમાં ભૂલા પડેલા વિશ્વને જીવનનો સાચો માર્ગ ચિંધનાર શાંતિ...કુંથુ...અરનાથ એ ચક્રવર્તી બનીને... છ ખંડના અધિપતિ બન્યા પછી પણ એ બધું ત્યાગીને તીર્થંકર બનનાર પુણ્ય પુરુષોના જીવન ચરિત્ર છે...

ભક્ષ્યા-ભક્ષ્યનો વિવેક ભુલેલા તથા ખાતી વખતે દિવસ-રાતનું સમય ભાન ભૂલેલા આજના માનવીને જાગૃત કરતી... અદ્ભૂત તપના તેજથી દિપતા અનેક તપસ્વી મહાત્માઓની જીવન કથાઓ છે...

ઘોડીયામાં ઝૂલતાં - ઝૂલતાં અગિયાર અંગને મુખપાઠ કરી લેતા જ્ઞાનના અદ્ભૂત ક્ષયોપશમને પામેલા વજકુમારની જ્ઞાન વાર્તા છે...

એક...બે...ત્રણ...ચાર...પાંચ વખત સાંભળતા મુખપાઠ થઇ જતી અનુપમ શક્તિની સેણો-વેણા-રેણાદિ સ્થુલિભદ્રના બહેનોની આનંદદાયી પ્રેરક જ્ઞાન કથાઓ છે...

આમાંથી ઘણું ઘણું પામવાનું છે... જીવનમાં ઉતારવાનું છે...

# દસ પ્રકારના કલ્પ

કલ્પસૂત્રમાં સાધુનો ૧૦ પ્રકારનો '**કલ્પ**' એટલે આચાર જણાવવામાં આવ્યો છે - (૧) આચેલક્ય (૨) ઔદેશિક (૩) શય્યાતરપિંડ (૪) રાજપિંડ (૫) કૃતિકર્મ (૬) વ્રત (૭) જ્યેષ્ઠ (૮) પ્રતિક્રમણ (૯) માસ અને (૧૦) પર્યુષણ

**(૧) આચેલક્ય કલ્પ**

ચેલ એટલે વસ્ત્ર... અચેલ એટલે વસ્ત્રરહિત. શાસ્ત્રમાં અચેલ શબ્દનો અર્થ અલ્પ વસ્ત્ર એમ પણ કરવામાં આવ્યો છે. અહીં અચેલ એટલે અલ્પવસ્ત્રવાળા એવો જ અર્થ લેવાનો છે. તેથી શ્વેત.. અલ્પ અને જીર્ણપ્રાયઃ વસ્ત્ર વાપરવાનો આચાર તે '**આચેલક્ય કલ્પ**' કહેવાય છે.

પ્રથમ ઋષભદેવ તથા અંતિમ શ્રી મહાવીરસ્વામિના શાસનમાં સાધુઓ નાભિથી ચાર આંગળ નીચે અને ઢીંચણથી ચાર આંગળ ઉપર એવી રીતે સાડા ત્રણ હાથ પ્રમાણ ચોલપટ્ટો એટલે નીચેનું વસ્ત્ર રાખે તેમજ સાડા ચાર હાથ પ્રમાણ ઉપરનું વસ્ત્ર (કપડો) એટલે પછેડી રાખે, એક વેંત અને ચાર અંગુલ પ્રમાણ મુહપત્તિ રાખે. તેથી વસ્ત્રો પહેરવા છતાં અર્ધુ શરીર વસ્ત્ર વિનાનું રહેતું હોવાથી તે અચેલક કહેવાય.

મધ્યના બાવીસ તીર્થંકરના શાસનના સાધુઓ શ્વેત-પ્રમાણયુક્ત વસ્ત્ર રાખે તેથી અચેલક કહેવાય. પરંતુ ક્યારેક રંગીન - મૂલ્યવાન વસ્ત્ર પણ ધારણ કરી શકે તેથી સચેલક પણ કહેવાય. બાવીસ તીર્થંકરના શાસનના સાધુઓ સરળ અને પ્રાજ્ઞ હોવાથી મૂલ્યવાન વસ્ત્રમાં પણ અનાસક્ત ભાવ કેળવી શકે તેથી તેમને ચારિત્રમાં દોષ

લાગતો નથી તેથી એમને અચેલક કલ્પની મર્યાદા નથી.

તીર્થંકર ભગવંતો જ્યારે દીક્ષા લે છે ત્યારે ઇન્દ્ર તેમના ખભા ઉપર દેવદુષ્ય વસ્ત્ર રાખે છે તે જ્યાં સુધી ખભા ઉપર રહે ત્યાં સુધી સચેલક કહેવાય પછી અચેલક કહેવાય. પ્રથમ તીર્થંકર ઋષભદેવ અને ચરમ તીર્થપતિ મહાવીર સ્વામિને એક વર્ષથી અધિક દેવદુષ્ય વસ્ત્ર રહેલ તેથી ત્યાં સુધી તેઓ સચેલક હતા પછી દેવદુષ્ય વસ્ત્ર દૂર થતાં અચેલક હતા. મધ્યના બાવીસ તીર્થંકરને દેવદુષ્ય વસ્ત્ર બે ઘડી આયુષ્ય બાકી હતું ત્યાં સુધી હતું તેથી ત્યાં સુધી તેઓ સચેલક હતા અંતિમ બે ઘડી અચેલક હતા.

## (૨) ઔદેશિક કલ્પ

સાધુ-સાધ્વીજી ભગવંતના ઉદ્દેશથી/નિમિત્તથી બનાવેલ આહારાદિ ઔદેશિક આહારાદિ કહેવાય છે. પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનના સાધુ-સાધ્વીજી ભગવંતોને કોઇ પણ સાધુ-સાધ્વીજી ભગવંતના નિમિત્તથી બનાવેલ આહાર-પાણી, વસ્ત્ર-પાત્ર વિગેરે કલ્પતા નથી. મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનના સાધુ-સાધ્વીજી ભગવંતોને અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના નિમિત્તે કરેલ આહારાદિ પોતાને કલ્પે.

## (૩) શય્યાતર કલ્પ

સાધુ-સાધ્વીજી ભગવંત જે સ્થાનમાં રહ્યા હોય... ઉતર્યા હોય તે સ્થાનનો માલિક શય્યાતર કહેવાય. તેનો બાર પ્રકારનો પિંડ સર્વ તીર્થંકરોના સાધુ-સાધ્વીજી ભગવંતને લેવો કલ્પે નહિં તે બાર પ્રકારનો પિંડ. (૧) આહાર (૨) પાણી (૩) ખાદિમ (૪) સ્વાદિમ (૫) વસ્ત્ર (૬) પાત્ર (૭) કંબલ (૮) ઓઘો (૯) સોય (૧૦)

અસ્તરો (૧૧) નેરણી અને (૧૨) કાન ખોતરણી.

સાધુ-સાધ્વીજી ભગવંત શય્યાતરના ઘરના આહારાદિ લે... વધુ સમય રહે તો બન્નેને પરસ્પર રાગ બંધન થાય. રાગથી તે શય્યાતર સાધુ-સાધ્વીજી ભગવંતના નિમિત્તથી આહારાદિ બનાવે તેથી હિંસાદિ દોષો લાગે. સારા આહારાદિ મળવાથી સાધુ-સાધ્વીજી ભગવંત વધુ સમય રોકાઇ જાય... વિહાર કરીને ફરી પાછા વારંવાર એજ સ્થાનમાં આવે તેથી સંયમમાં ઘણા જ દોષ લાગે. ગામમાં સાધુના નિઃસ્પૃહતા અને તપ-ત્યાગની પ્રશંસા થવાને બદલે નિંદા થવાની સંભાવના હોય છે. સાધુ-સાધ્વીજી ભગવંતને જે રહેવા સ્થાન આપે તેને આહારાદિ પણ વહોરાવવા પડે એવી માન્યતા થવાથી સાધુ-સાધ્વીજી ભગવંતને સ્થાન મળવું દુર્લભ બને છે.

સાધુ-સાધ્વીજી ભગવંતને વહોરાવનાર એક જ ઘર હોય અને એની જ માલિકીના સ્થાનમાં સાધુ રહ્યો હોય તો રાત જાગરણ કરે સવારનું પ્રતિક્રમણ અન્ય સ્થાનમાં કરે તો એ શય્યાતર થાય અને જ્યાં રાત જાગરણ કર્યું તેના ઘરથી આહાર પાણી વગેરે લઇ શકાય. રાત્રી જાગરણ ન કરે અને બીજે પ્રતિક્રમણ કરે તો બન્ને જણ શય્યાતર થાય. બન્ને ઘરના આહાર પાણી લેવા કલ્પે નહીં.

તૃણ, માટીનું ઢેફું, રાખ, લઘુનીતિનું પાત્ર, બાજોઠ, પાટ-પાટલા શય્યા, સંથારો, લેપાદિ તથા ઉપધિ સહિત શિષ્ય એ શય્યાતરના ઘરના લેવા કલ્પે.

### (૪) રાજપિંડ કલ્પ

જે પ્રધાન, સેનાપતિ, શ્રેષ્ઠિ, પુરોહિત, સાર્થવાહ વિગેરેને સ્થાપી રાજ્ય કરે તે રાજા કહેવાય. આવા

રાજાના ઘરના આહારાદિ રાજપિંડ કહેવાય. પ્રથમ અને અંતિમ તીર્થંકરોના શાસનના સાધુ-સાધ્વીજી ભગવંતોને રાજપિંડ કલ્પે નહીં. રાજમહેલમાં જતાં-આવતાં સમય લાગે... જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાયમાં વિક્ષેપ પડે... રાજઋદ્ધિ સમૃદ્ધિ જોતા સાધુ-સાધ્વીજી ભગવંત ચારિત્રથી ચલાયમાન થાય... મોહ વૃદ્ધિ થાય.. હાલમાં સાધુ-સાધ્વીજી શિથીલ થયા છે.. મેવા-મિઠાઈ માટે રાજમહેલમાં જાય છે આવી વાતો થાય. તેથી પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનના સાધુ-સાધ્વીજી ભગવંતોને રાજપિંડ કલ્પે નહીં. વચ્ચેના બાવીસ તીર્થંકરના શાસનના સાધુ-સાધ્વીજી ભગવંત સરળ અને બુદ્ધિશાળી હોવાથી દોષ જાણે તો રાજપિંડ ન લે અને દોષ લાગવાનો સંભવ ન હોય તો તેઓને રાજપિંડ કલ્પે છે.

## (૫) કૃતિકર્મ કલ્પ

વંદન કરવું તે **કૃતિકર્મ** કહેવાય છે. આ વંદન વિધિ બે પ્રકારે છે. (૧) રત્નાધિક વડિલ આવે ત્યારે એમના વિનય અર્થે ઉભા થવું... ચાર ડગલા સામે જવું, એમની પાસેથી દાંડો-કામળી લેવી હાથ જોડી મસ્તક નમાવી 'મત્થએણ વંદામિ' કહીને સત્કાર કરવો. માર્ગમાં મળે તો 'મત્થએણ વંદામિ' કહી વિનય કરવો.

(૨) બીજા પ્રકારમાં વંદન વિધિના સૂત્રો સહિત દ્વાદશાવર્તાદિ વંદન કરવું.

જૈન દર્શનમાં નિયમ છે કે પ્રથમ દીક્ષા લેનાર સાધુ ભગવંતને પછીથી દીક્ષા લેનાર સાધુ ભગવંત વંદન કરે અને પ્રથમ દીક્ષા લેનાર સાધ્વીજી ભગવંતને પછીથી દીક્ષા લેનાર સાધ્વીજી ભગવંત વંદન કરે. પરંતુ આજે દીક્ષા લેનાર સાધુ ભગવંતને ૧૦૦ વરસના દીક્ષીત સાધ્વીજી ભગવંત વંદન કરે પરંતુ સાધ્વીજી ભગવંતને સાધુ

ભગવંત વંદન ન કરે.

પુત્ર કે પ્રધાને પ્રથમ દીક્ષા લીધી હોય અને પિતા કે રાજાએ પછીથી દીક્ષા લીધી હોય તો પુત્ર મુનિને પિતા મુનિ વંદન કરે... પ્રધાન મુનિને રાજામુનિ વંદન કરે આવો વ્યવહાર છે.

## (૬) વ્રત કલ્પ

પ્રથમ અને અંતિમ તીર્થંકરોના શાસનમાં સાધુ-સાધ્વીજી ભગવંત દીક્ષા લેતી વખતે પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરે છે. (૧) સર્વથા પ્રાણાતિપાત વિરમણ વ્રત (૨) સર્વથા મૃષાવાદ વિરમણ વ્રત (૩) સર્વથા અદત્તાદાન વિરમણ વ્રત (૪) સર્વથા મૈથુન વિરમણ વ્રત અને (૫) સર્વથા પરિગ્રહ પરિમાણ વ્રત. વચ્ચેના ૨૨ તીર્થંકરોના શાસનમાં મૈથુન વ્રતનો પરિગ્રહ વ્રતમાં જ સમાવેશ થાય છે. તેઓ એમ માને છે કે જ્યાં સ્ત્રી છે ત્યાં પરિગ્રહ તેથી તેઓના શાસનકાળ દરમ્યાન ચાર મહાવ્રત જ હોય છે. તેઓ રાત્રિભોજન વિરમણ વ્રતનો પણ ઉત્તર ગુણમાં જ સમાવેશ કરે છે. તેથી તેમને ચાર મહાવ્રત જ છે. જ્યારે પ્રથમ અને અંતિમ તીર્થંકરોના શાસનમાં પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત એટલે એમને કુલ ૬ વ્રતો હોય છે.

## (૭) જ્યેષ્ઠ કલ્પ

વચ્ચેના બાવીસ તીર્થંકરોના શાસનમાં દીક્ષા દિવસથી જ નાના-મોટાનો વ્યવહાર થાય છે. જે પ્રથમ દીક્ષા લે તે મોટો પછી દીક્ષા લે તે નાનો. એમના સમયમાં વડી દીક્ષાનો વ્યવહાર હોતો નથી.

પ્રથમ અને અંતિમ તીર્થંકરના સમયમાં વડી દીક્ષાથી નાના-મોટાનો વ્યવહાર થાય છે. જેથી વડી દીક્ષા

પહેલી થાય તે મોટો. જ્યારે માતા-પુત્રી, પિતા-પુત્ર, રાજા-પ્રધાન, શેઠ-ચાકર સાથે દીક્ષા લે ત્યારે પ્રથમ ગુરુ ભગવંત લોક વ્યવહારથી માતા-પિતા-રાજા અને શેઠને જ મોટા કરી ભણવામાં જો પુત્ર-પુત્રી, પ્રધાન અને ચાકર. હોશિયાર હોય તો વડિલોને સમજાવે જો તેઓશ્રી સમજીને રજા આપે તો વડિદીક્ષામાં પુત્ર-પુત્રી-પ્રધાન-ચાકરને મોટા કરે ન સમજે તો એમને જ મોટા કરી વડી દીક્ષા પ્રથમ આપે છે.

## (૮) પ્રતિક્રમણ કલ્પ

પહેલા અને છેલ્લા તીર્થંકરોના શાસનમાં સર્વ સાધુ-સાધ્વીજી ભગવંતને દોષ લાગે કે ન લાગે સાંજે દેવસિક, સવારના રાઇ પ્રતિક્રમણ અવશ્ય કરવાનું હોય છે. તેવી જ રીતે પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરીક પ્રતિક્રમણ અવશ્ય કરવાના હોય છે.

જ્યારે વચ્ચેના બાવીસ તીર્થંકરના શાસનના સાધુ-સાધ્વીજી ભગવંતો દોષ લાગે તો દેવસિક કે રાઇ પ્રતિક્રમણ કરે. દોષ ન લાગે તો દેવસિક-રાઇ પ્રતિક્રમણ ન કરે. તેઓને પાક્ષિક, ચાતુર્માસિક કે સંવત્સરી પ્રતિક્રમણનો વ્યવહાર નથી.

## (૯) માસ કલ્પ

પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનના સાધુ-સાધ્વીજી ભગવંત ચાતુર્માસના ૪ માસ એક ગામમાં રહે. પછીના આઠ મહિનામાં એક ગામમાં વધુમાં વધુ એક માસ રહે એનાથી વધુ ન રહે. એવી રીતે એમને ચાતુર્માસનો એક અને આઠ મહિનાના આઠ વિહાર એમ નવકલ્પી વિહાર કહેવામાં આવ્યો છે. શાસ્ત્રોમાં ગામમાં

એક અને નગરમાં પાંચ દિવસ રોકાવવાની વાત પણ જણાવવામાં આવી જ છે જે પ્રાયઃ જિનકલ્પી માટે જ છે.સ્થવિરકલ્પી માટે નથી.

વચ્ચેના બાવીસ તીર્થંકરના શાસનના સાધુ-સાધ્વીજી ભગવંતો માટે એવી કોઇ મર્યાદા નથી. તેઓ દોષ ન લાગતો હોય અને લાભ ઘણો થાય એમ હોય તો દેશઉણાપૂર્વ કોડી વર્ષ સુધી એક જ ગામ કે એક જ સ્થાનમાં રહી શકે છે અને દોષ જાણે તો ચાતુર્માસમાં પણ વિહાર કરી જાય છે.

### (૧૦) પર્યુષણ કલ્પ

જીવદયાના પાલનાર્થે વરસાદના દિવસોમાં એક સ્થાનમાં રહેવું તે **પર્યુષણ** અથવા **વર્ષાવાસ** કલ્પ છે. આ કલ્પ બે પ્રકારે છે. (૧) ગૃહસ્થ/શ્રાવકોથી જ્ઞાત અને (૨) ગૃહસ્થ/શ્રાવકોથી અજ્ઞાત.

આષાઢી પૂનમથી માંડીને ભાદરવા સુદ ૫ના સંવત્સરી પ્રતિક્રમણ ન કરે ત્યાં સુધી શ્રાવક પૂછે - ‘‘ગુરુદેવ ! ચાતુર્માસ રહ્યાં?’’

સાધુ કહે - ‘‘ક્ષેત્ર ફરસના.’’ અથવા પાંચ-પાંચ દિવસ રોકાવવાનું જણાવે.

પરંતુ સાધુ-સાધ્વીજી ભગવંત સંવત્સરી પ્રતિક્રમણ કરે એટલે શ્રાવકો સમજે... જાણે કે હવે ગુરુ ભગવંત કાર્તિક પૂનમ સુધી અવશ્ય રોકાશે. આષાઢી પૂનમથી ભાદરવા સુદ ૫ સુધીનો ૫૦ દિવસનો સમય ગૃહસ્થ અજ્ઞાત પર્યુષણ છે અને સંવત્સરીથી કાર્તિક સુદ પૂનમ સુધીનો ૭૦ દિવસનો સમય ગૃહસ્થ જ્ઞાત પર્યુષણ છે.

બીજા પ્રકારે પણ પર્યુષણના બે ભેદ કહ્યા છે - (૧) ભાદરવા સુદી પાંચમના સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પછી કાર્તિક સુદી પૂર્ણિમા સુધી ૭૦ દિવસનો સમય તે **જઘન્ય પર્યુષણ** જાણવું.

(૨) આષાઢી પૂર્ણિમા થી કાર્તિક પૂર્ણિમા સુધી ૧૨૦ દિવસનો તે **ઉત્કૃષ્ટ પર્યુષણ** જાણવું.

**વર્તમાન સમયમાં ગુરુ આજ્ઞા પ્રમાણે ચાતુર્માસ કરવાનો વ્યવહાર છે.**

પ્રથમ માસકલ્પ કરેલા ક્ષેત્રમાં ચાતુર્માસ કરે અને ચાતુર્માસ પછી પણ કારણે માસકલ્પ કરે તો એક સ્થાનમાં છ મહિના કારણે રહી શકાય. આવી રીતે સ્થવિરકલ્પી માટેનો વ્યવહાર છે. જિનકલ્પી માટે તો ઉત્કૃષ્ટ પર્યુષણ ચાર માસનું જ છે.

આ દશ કલ્પ પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુ-સાધ્વીજી ભગવંતોને નિશ્ચયથી હોય અને મધ્યના બાવીસ તીર્થંકરના સમયના સાધુ-સાધ્વીજી ભગવંતોને (૧) શય્યાતર (૨) ચાર મહાવ્રત (૩) જ્યેષ્ઠ અને (૪) કૃતિકર્મ એ ચાર કલ્પ નિશ્ચયથી હોય અને બાકીના ૬ કલ્પ નિશ્ચયથી ન હોય. જેવી મર્યાદા મધ્યના બાવીશ તીર્થંકરના સાધુ-સાધ્વીજી ભગવંતની કહી તેવી જ મર્યાદા મહાવિદેહ ક્ષેત્રના સાધુ-સાધ્વીજી ભગવંતની જાણવી.

## આવો આચાર ભેદ શા માટે ?

ઉપરોક્ત વાતો જાણ્યા પછી સામાન્ય વ્યક્તિના મનમાં સહજ પ્રશ્ન ઉપસ્થિત થાય કે મોક્ષ માર્ગના સર્વ આરાધકો માટે એક જ પ્રકારની આચાર મર્યાદા હોવી જોઈએ. એમાં પહેલા -છેલ્લા અને વચલા તીર્થંકરો માટે

આચાર ભેદ શા માટે ?

એનો જવાબ આપતાં જ્ઞાની ભગવંતો જણાવે છે કે સમય સાથે જ સમજણમાં – વ્યક્તિમાં ભેદ છે તેથી પરિણામમાં ભેદ છે તેથી જ કલ્પમાં... આચારમાં ભેદ થાય છે.

ઋષભદેવના સમયમાં માણસો ઋજુ અને જડ હોય છે.

મહાવીરસ્વામિના સમયના માણસો વક્ર અને જડ હોય છે.

વચ્ચેના બાવીસ તીર્થંકરના સમયના માણસો ઋજુ અને પ્રાજ્ઞ હોય છે.

પહેલા અને છેલ્લા તીર્થંકરના સમયમાં ધર્મ સમજવો અને પાળવો કઠીન હોય છે જ્યારે વચ્ચેના બાવીસ તીર્થંકરના સમયમાં ધર્મ સમજવો અને પાળવો સુલભ હોય છે. તેથી કલ્પમાં ભેદ છે પણ પરમાર્થથી કોઈ ભેદ નથી.

## ઋજુ અને જડ

એકદા કોંકણ દેશના એક વૃદ્ધ શ્રાવકે મુનિ પાસે ધર્મ સાંભળ્યો... વૈરાગ્ય જાગ્યો... સંયમનો સ્વીકાર કર્યો. તેને બધા કોંકણ સાધુ કહીને બોલાવતા. એકદા તેમણે સ્થંડિલ ભૂમિથી આવી ઈર્યાવહી પડિક્કમી કાઉસ્સગ્ગ કર્યો. કાઉસ્સગ્ગમાં ઘણો સમય લાગ્યો.

ગુરુદેવે પૂછ્યું – 'અહો ! કોંકણિક મુનિ ! તમને કાઉસ્સગ્ગમાં આટલી બધી વાર કેમ લાગી ?

કોંકણિક મુનિએ સરળતા (ઋજુતા)થી જવાબ આપ્યો -

"હે સ્વામિન્ ! મેં આજે જીવદયા ચિંતવી."

ગુરુએ પૂછ્યું - "તમે શી જીવદયા ચિંતવી ?"

કોંકણિક મુનિએ કહ્યું - "જ્યારે હું ગૃહસ્થાવાસમાં હતો ત્યારે વર્ષાકાળમાં કરશણ પ્રમુખ કરતો... હળ વાહતો... શૂલ કાઢતો... ધાન્ય વાવતો, તેથી મારા ખેતરમાં ઘણું અનાજ થતું હતું, તેથી મારા કુટુંબનો સુખે નિર્વાહ થતો હતો. પરંતુ હવે મેં દીક્ષા લીધી છે, મારા છોકરા આળસુ છે તેથી નવરા-નવરા બેસી રહેશે. શૂલ વિગેરે કાઢ્યું નહિં હોય... ધાન્ય વાવ્યું નહિં હોય, તેથી તે બાપડાની શું હાલત થશે ? નિશ્ચે ભૂખ્યા મરી જશે. એવી રીતે મેં જીવદયા ચિંતવી છે."

એવી રીતે સરળતાથી સાચે સાચું કહી દિધું.

તે સાંભળીને ગુરુએ કહ્યું "હે ભદ્રક ! આ તો તમે દુર્ધ્યાન કર્યું છે... કરસણાદિનું કાર્ય પાપ વિના થતું નથી. તેથી તમને સાવદ્યની અનુમોદનાનો દોષ લાગ્યો છે. પાપદયા ચિંતવી છે. સાધુથી આવું દુર્ધ્યાન કરાય નહિં. હવે આવું ધ્યાન કરશો નહિં. એવા ધ્યાનથી તમને પાપ લાગ્યું છે તેનું તમે મિચ્છામિ દુક્કડં કરી શુદ્ધ થાઓ."

ગુરુ વચન તહત્તિ કરીને, મુનિએ એ પ્રમાણે કર્યું.

આ પ્રથમ ઋષભદેવના સમયના **ઋજુ અને** જડ સાધુનું દૃષ્ટાંત જાણવું.

# વક્ર અને જડ

શ્રી મહાવીર પ્રભુના સમયના કોઇ સાધુને સ્થંડિલ ભૂમિથી ઉપાશ્રયે આવતા ઘણીવાર થઇ તેથી ગુરુએ વાર થવાનું કારણ પૂછ્યું, ત્યારે પહેલા આડા-અવળા જવાબ આપ્યા. જે બહાર જાય એને વાર તો થાય. ઘણું પૂછતાં કહ્યું કે માર્ગમાં નટ નાટક કરી રહ્યો હતો તે જોવા ઉભા રહ્યા તેથી મોડું થયું. ગુરુએ સમજાવતા કહ્યું - ''આપણે સાધુ છીએ આપણાથી માર્ગમાં નાટક જોવા ઉભું રહેવાય નહિં, આમ કરવાથી તમને પાપ લાગ્યું છે તેનું મિચ્છામિ દુક્કડં કરો.''

ગુરુના કહેવાથી મિચ્છામિ દુક્કડં કર્યું.

ફરી એકવાર થંડિલ ભૂમિથી આવતાં એ જ મુનિને વાર થતાં સમય લાગવાનું ગુરુએ કારણ પૂછ્યું. ત્યારે પ્રથમ આડા અવળા જવાબ આપી પછી કહ્યું - ''માર્ગમાં નટડી નાચતી હતી તેનું નાચ જોવા ઉભા રહ્યા તેથી વાર થઇ.''

ગુરુએ કહ્યું - ''પહેલા જ તમને નટનું નાટક જોવાની ના પાડી હતી તો કેમ ઉભા રહ્યા ?''

મુનિએ જવાબ આપતાં કહ્યું - ''તમે નટનું નાટક જોવાની ના પાડી હતી, નટડીનું નાચ જોવાની ક્યાં ના પાડી હતી ? એમાં તમારો જ વાંક છે મારો કોઇ વાંક જ નથી.''

આ અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામિના સમયના **વક્ર અને જડ** સાધુનું દૃષ્ટાંત જાણવું.

# ઋજુ અને પ્રાજ્ઞ

શ્રી અજીતનાથ ભગવાનના સમયમાં કોઈ સાધુને થંડિલ ભૂમિથી આવતાં ઘણો સમય થયો. ગુરુએ આટલો સમય લાગવાનું કારણ પૂછ્યું. મુનિએ સહજતાથી કહ્યું કે માર્ગમાં નટ નાટક કરતો હતો તે જોવા ઉભા રહેવાથી સમય લાગ્યો. ગુરુએ કહ્યું - ''આપણે સાધુ છીએ આપણાથી નાટક ન જોવાય... માર્ગમાં આવી રીતે ઉભા ન રહેવાય. માટે મિચ્છામિ દુક્કડં આપો.''

મુનિએ મિચ્છામિ દુક્કડં કર્યું.

બીજી વખત મુનિએ માર્ગમાં નટડીને નાચ કરતી જોઈ. તેઓ વિચાર કરવા લાગ્યા ગુરુએ મને નટનું નાટક જોવાની ના પાડી છે તો નટડીનું નાચ તો વિશેષ રાગનું-પાપનું કારણ છે તેથી તો તે જોવા ઉભું ન જ રહેવાય. એમ વિચારી ને ત્યાં ઉભા ન રહેતાં ઉપાશ્રયમાં આવી ગયા.

વચ્ચેના બાવીસ તીર્થંકરના સમયના **ઋજુ અને પ્રાજ્ઞ** સાધુનું દૃષ્ટાંત જાણવું.

ઉપર જણાવેલા દૃષ્ટાંતો સર્વ સાધુઓ માટે નથી. અમુક સાધુ આશ્રયીને છે. તેથી પાંચમા આરાના અંત સુધી આરાધકો રહેશે. આરાધના કરી સદ્‌ગતિને પામશે.

આ દશ પ્રકારનો કલ્પ-આચાર ત્રીજા વૈદ્યની જેમ ગુણાકારી હોવાથી આરાધવા યોગ્ય છે.

## ત્રણ પ્રકારના વૈદ્ય

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરી હતી...

ત્યાં જિતશત્રુ નામનો રાજા રાજ્ય કરતો હતો...

એ રાજવીને એક પુત્ર હતો... રાજાને અત્યંત પ્રિય હતો...

મારો પુત્ર સદા નિરોગી, સશક્ત અને તેજસ્વી બન્યો રહે એવી રાજાની મહેચ્છા હતી. એ માટે રાજાએ નગરના અત્યંત હોશિયાર અને પ્રસિદ્ધ એવા ત્રણ વૈદ્યરાજને બોલાવ્યા. ત્રણે વૈદ્યો રાજા સમક્ષ હાજર થયા. રાજાએ એમને પોતાના મનની વાત સંભળાવી અને ઉપાય પૂછ્યો.

રાજાની વાત સાંભળી પ્રથમ વૈદ્યરાજે કહ્યું – ''રાજન્ ! મારી પાસે જે ઔષધ છે તે એવું છે કે તે ખાવાથી શરીરમાં રોગ હોય તો તે રોગનો નાશ કરે, પરંતુ જો રોગ ન હોય તો નવો ઉત્પન્ન કરે.''

વૈદ્યરાજની વાત સાંભળી રાજાએ કહ્યું અમને આવી ઔષધિની આવશ્યક્તા નથી.

બીજા વૈદરાજે કહ્યું – ''રાજન્ ! મારી પાસે એવી ઔષધિ છે જે ખાવાથી શરીરમાં રોગ હોય તો જાય અને ન હોય તો કોઇ ગુણ-દોષ ન કરે. વૈદ્યરાજની વાત સાંભળી રાજાએ કહ્યું – ''રાખમાં ઘી નાંખવા જેવા તમારા ઔષધની પણ મને જરૂર નથી.''

ત્રીજા વૈદ્યરાજે કહ્યું – ''રાજન્ ! મારું ઔષધ એવું છે કે જે ખાવાથી શરીરમાં રોગ હોય તો જાય અને જો રોગ ન હોય તો ભવિષ્યમાં નવો રોગ થાય નહિં. તેવી જ રીતે આ ઔષધ અત્યંત ગુણકારી હોવાથી બળ,

બુદ્ધિ, તેજ અને સ્ફુર્તિમાં વૃદ્ધિ થશે. શરીર નિરોગી અને સ્વસ્થ રહેશે. તેથી મન સદા પ્રસન્ન રહેશે.

ત્રીજા વૈદ્યરાજની વાત સાંભળી રાજા અત્યંત પ્રસન્ન થયા અને પુત્રને એ ઔષધ અપાવ્યું તેથી રાજકુમાર અત્યંત બળવાન, તેજસ્વી, પ્રશાન્ત, નિરોગી અને સ્ફુર્તિવાળો બની ગયો.

આ પ્રમાણે દશકલ્પ પાળવાથી આત્માની પૂર્વની કર્મરૂપી વ્યાધિ નાશ પામી જાય છે... નવા કર્મ બંધાતા નથી, સર્વ પ્રકારની આપત્તિઓ દૂર થાય છે, સુખ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. ગુણોની વૃદ્ધિ... દોષોની હાનિ અને અંતે મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે.

## વિહારથી લાભ

એવી રીતે સાધુ-સાધ્વીજી ભગવંત નવકલ્પી વિહાર કરે જેથી-

* ગામો-ગામ વ્યાખ્યાનાદિ પ્રવૃત્તિ થાય.
* જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાયથી સ્વપર કલ્યાણ થાય.
* સંઘના કાર્યોને વેગ મળે... પરોપકાર થાય.
* ગામ-પરગામનું જ્ઞાન મળે.
* તીર્થયાત્રાઓ થાય.
* વિવિધ સંયમીઓના દર્શન-વંદન-જ્ઞાનાદિનો લાભ મળે.
* વિહારમાં પ્રતિકુળતાદિ સહન કરવાથી કર્મ નિર્જરા થાય.

* વહેતા પાણીની જેમ જીવન નિર્મળ બને.
* અનેક ભવ્યાત્માઓને મિથ્યાત્વમાંથી ઉગારવાનો અવસર મળે.
* અન્ય દર્શનીઓને પણ જૈન ધર્મની ઓળખાણ થાય.
* આરોગ્યની દષ્ટિએ પણ લાભ થાય.
* શાસન પ્રભાવના થાય.

## ચાતુર્માસ સ્થળના ૧૩ ગુણ

આવા સાધુ-સાધ્વીજી ભગવંત પણ જયણાના મુખ્ય હેતુથી જીવદયાના પાલનાર્થે ચાતુર્માસમાં એક સ્થાને સ્થિરતા કરે. જિનેશ્વર પરમાત્માની પણ એવી જ આજ્ઞા છે. સાધુ-સાધ્વીજી ભગવંત ચાતુર્માસ કેવા સ્થાનમાં કરે ? એ માટે માર્ગદર્શન આપતાં, મળે તો ૧૩ ગુણવાળા ઉત્કૃષ્ટ સ્થાનમાં સાધુ-સાધ્વીજી ભગવંત ચાતુર્માસ કરે એમ જણાવ્યું. આ ૧૩ ગુણ આ પ્રમાણે છે -

(૧) જ્યાં કાદવ થોડો હોય.
(૨) જ્યાં બે ઈન્દ્રિયાદિ જીવોની ઉત્પત્તિ ઓછી હોય.
(૩) જ્યાં થંડિલની ભૂમિ નિરવદ્ય હોય.
(૪) જ્યાં વસતિમાં પશુપંડગ ન હોય.
(૫) જ્યાં ગોરસ પુષ્કળ હોય.

(૬) જ્યાં જિનમંદિર હોય.

(૭) જ્યાં વૈદ્ય ભદ્રિક હોય.

(૮) જ્યાં ઔષધ સુલભ મળતું હોય.

(૯) જ્યાં ધાન્ય સંગ્રહ ઘણો હોય.

(૧૦) જ્યાં રાજા ભલો હોય.

(૧૧) જ્યાં પાખંડી ન હોય.

(૧૨) જ્યાં ભિક્ષા સુલભ હોય.

(૧૩) જ્યાં સ્વાધ્યાય સુખે થતો હોય.

પાંચથી બાર ગુણવાળું ક્ષેત્ર ચાતુર્માસ માટે મધ્યમ ક્ષેત્ર કહેવાય છે. જો તેર ગુણવાળું ઉત્કૃષ્ટ ક્ષેત્ર ન મળે તો મધ્યમ ક્ષેત્રમાં ચાતુર્માસ કરવું. મધ્યમ ક્ષેત્ર પણ ન મળે તો જઘન્ય ક્ષેત્રમાં ચાતુર્માસ કરે. જઘન્ય ક્ષેત્ર ચાર ગુણવાળું હોય છે. તે ચાર ગુણ - (૧) સ્થંડિલ ભૂમિ નિર્દોષ હોય. (૨) સ્વાધ્યાય સુખેથી થતો હોય. (૩) જિનચૈત્ય હોય અને (૪) આહાર - પાણી સારી રીતે મળી શકતા હોય.

સાધુ-સાધ્વીજી ભગવંત ચાતુર્માસમાં વિશેષ જીવોત્પત્તિ થતી હોવાથી એમની જયણાર્થે એક સ્થાને ચાતુર્માસ કરે સ્થિરતા રાખે.

* સ્વપર કલ્યાણાર્થે ચાતુર્માસમાં સાધુ-સાધ્વીજી ભગવંત સ્થિરતા કરે.

* જિનવાણી દ્વારા અનેક આત્માઓને ધર્મમાં જોડે.

* દાનાદિ દ્વારા શાસનના મહાન કાર્યો કરી શાસન પ્રભાવના કરે.

* સર્વ વિરતિનો માર્ગ સમજાવી અજોડ ભવ્યાત્માઓને સંસાર સાગરથી તારે.

* દેશ વિરતિનો ઉપદેશ આપી અનેકોને વ્રતોચ્ચાર કરાવી પાકા, આરાધક શ્રાવક-શ્રાવિકા બનાવે.

* તપ માર્ગમાં જોડી અનેકોને કર્મ નિર્જરા કરાવે.

* સવા વસા દયા પાળનાર શ્રાવકોને પણ સમજાવીને ચાતુર્માસમાં દેશપરદેશ જવાં - આવવાનું ન કરવાનો ઉપદેશ આપે.

કૃષ્ણ મહારાજાએ પણ જયણાના પાલનાર્થે પોતાના સોળ હજાર સામંત રાજાઓને સભામાં આવવાની ના કહેવડાવી હતી. મંત્રીઓએ રાજાઓને ઠાકોર પોઢ્યા છે એમ કહી મોકલાવ્યું હતું તેથી દેવ પોઢી એકાદશી પ્રસિદ્ધ થઇ. ચાતુર્માસ પૂર્ણ થતાં ફરી બધો વ્યવહાર ચાલુ કરવા ઠાકોર ઉઠ્યા છે એમ બધા રાજાઓને જણાવ્યું તેથી દેવ ઉઠી એકાદશી પ્રસિદ્ધ થઇ.

ચાતુર્માસ દરમ્યાન પર્યુષણ મહાપર્વની ઉજવણી ભવ્યાતિ ભવ્ય રીતે ધામધૂમથી કરવી જોઇએ.

જેવી રીતે મંત્રમાં પંચપરમેષ્ઠિ...

જેવી રીતે તીર્થોમાં શત્રુંજય...

જેવી રીતે દાનમાં અભયદાન...

ગુણોમાં વિનય ગુણ... વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત...

નિયમમાં સંતોષ... તપમાં ઈન્દ્રિયદમન...

દર્શનમાં જૈન દર્શન... ક્ષીરમાં ગોક્ષીર... જલમાં અમૃત...

અલંકારમાં ચૂડામણિ... ગજમાં ઐરાવણ... વનમાં નંદનવન...

કાષ્ટમાં ચંદન... સાહસિકમાં વિક્રમાદિત્ય... ન્યાયવંતમાં રામ...

સતીમાં સીતા... જ્ઞાનમાં કેવળજ્ઞાન... શાસ્ત્રમાં કલ્પસૂત્ર...

સુખોમાં મોક્ષસુખ... તેવી જ રીતે

**સર્વ પર્વોમાં પર્યુષણ પર્વ**

મહાન જાણવું.

પર્યુષણ પર્વમાં સર્વ શાસ્ત્રોમાં મહાન એવું કલ્પસૂત્ર સાંભળવું જોઈએ. અઠ્ઠમ તપ કરીને મન-વચન-કાયાની એકાગ્રતા પૂર્વક કલ્પસૂત્ર સાંભળનાર નાગકેતુની જેમ કેવળજ્ઞાન પામી મોક્ષમાં જાય છે.

ચંદ્રકાંતા નગરી... વિજયસેન રાજા...

શ્રીકાન્ત શેઠ... શ્રીસખી શેઠાણી...

શેઠને ત્યાં પુત્ર રત્નનો જન્મ થયો... અનેક માણસો શેઠ પાસે ખુશાલી વ્યક્ત કરવા આવે છે. પર્યુષણ પર્વ નજીક આવતા હોવાથી બધા તપની વાતો કરી રહ્યા છે. પર્યુષણ પર્વમાં અઠ્ઠમાદિ તપ કરીશું એમ એક

બીજાને કહે છે. આ વાતો સાંભળતાં જ બાળકને જાતિ સ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વભવ જાણ્યો. પર્વાધિરાજ પર્વમાં અઠ્ઠમ કરવાનો સંકલ્પ કર્યો. પર્વાધિરાજ આવતાં અઠ્ઠમ કર્યો. સ્તનપાન ન કર્યું... શરીર સુકાયું... અંતે મૂર્ચ્છિત થઈને જમીન ઉપર પડ્યો. મૂર્ચ્છા દૂર કરવાના ઘણા પ્રયત્નો કર્યા પણ મૂર્ચ્છા વળી નહીં. બાળકને મૃત જાણી શોકથી શેઠ મૃત્યુ પામ્યા. શેઠની અંતિમ ક્રિયા કરી. બાળકને જમીનમાં દાટ્યો. તપના પ્રભાવથી ધરણેન્દ્રનું આસન કંપાયમાન થયું. અવધિજ્ઞાનનો ઉપયોગ આપતાં તપસ્વી-ધર્મીઆત્મા ઉપર આવેલા ઉપસર્ગને જાણ્યો. બાળકને અમૃત સિંચનથી સચેતન કર્યો.

બ્રાહ્મણનું રૂપ ધારણ કરી હાથમાં શસ્ત્ર લઈને શેઠના ઘરે ગયા. અપુત્રીયા શેઠનું ધન લેતાં રાજપુરુષોને અટકાવ્યા. એમણે રાજાને વાત જણાવતાં રાજા ત્યાં આવ્યા અને જણાવ્યું. અમારા રાજ્યનો નિયમ છે કે અપુત્રીયાનું ધન રાજા લઈ લે. તમે એમને કેમ અટકાવો છો ? બ્રાહ્મણે કહ્યું - ''બાળક જીવતું છે.''

રાજાએ કહ્યું - ''બતાવો.''

બ્રાહ્મણે બાળકને જીવતું કાઢીને બતાવ્યું. રાજા-પ્રજા વિસ્મય પામી. રાજાએ બ્રાહ્મણને પૂછ્યું - 'તમે કોણ છો ? આ બાળક કોણ છે ?''

બ્રાહ્મણે કહ્યું - ''હું નાગરાજ ધરણેન્દ્ર છું. બાળકના અઠ્ઠમ તપના પ્રભાવથી આસનકંપથી અહીં આવ્યો છું.''

રાજાએ પૂછ્યું - ''આ બાળકે આટલી નાની ઉંમરમાં અઠ્ઠમ તપ કેમ કર્યો ?''

ધરણેન્દ્રે કહ્યું - ''પૂર્વ ભવમાં આ બાળક વાણીયાનો પુત્ર હતો. બાળપણમાં એની માતા મૃત્યુ પામી... પિતાજીએ બીજા લગ્ન કર્યા. અપર માતા આ બાળકને વાંક વિના વાંક જણાવીને બહુ જ દુઃખ આપતી હતી. એકદા બાળકે પોતાના દુઃખની વાત પોતાના એક જૈન મિત્રને જણાવી. જૈન મિત્ર પોતાની સમજણ પ્રમાણે એને સમજાવે છે. સાંત્વના આપે છે. એને સમજાવતા કહ્યું - ''તે પૂર્વભવમાં ધર્મ કર્યો નથી.. પુણ્ય ઉપાર્જન કર્યું નથી... તેથી તને દુઃખ મળ્યું છે... અપરમાતાનો વાંક નથી... વાંક તારા કર્મનો છે... ધર્મ વિના સુખ મળતું નથી તેથી તું ધર્મ આરાધના કર.''

મિત્ર પાસેથી સમજણ મેળવી બાળક ધર્મ કરવા લાગ્યો. નિત્ય નવકારશી.. પોરિસી.. ચોવિહાર કરે છે. પર્વ તિથિએ સવિશેષ તપ અને આરાધના કરે છે. પર્યુષણ પર્વ નજીક આવ્યા ત્યારે એણે મનમાં અઠ્ઠમ કરવાનો સંકલ્પ કર્યો અને ઘાસની ઝુંપડીમાં સૂઇ ગયો. રાતે નજીકમાં આગ લાગી... અપરમાતાએ એ આગમાંથી આગ લઇ બાળક જે ઝુંપડીમાં સુતો હતો એમાં નાંખી. ઝુંપડી બળી ગઇ. બાળક શુભધ્યાનમાં આયુષ્ય પૂર્ણ કરી અહીં શેઠના ઘરે જન્મ્યો છે. અહીં મળવા આવેલા બધાની પર્યુષણ પર્વની અને અઠ્ઠમ તપની વાતો સાંભળી બાળકને પોતાના પૂર્વભવનું સ્મરણ થયું... જાતિસ્મરણ જ્ઞાન થયું... એણે અઠ્ઠમ તપ કર્યો તેથી મૂર્ચ્છિત થયો... એને મૃત્યુ પામેલો જાણી એને પૃથ્વીમાં દાટ્યો... બાળકના અઠ્ઠમ તપના પ્રભાવે હું અહીં આવ્યો... એની મૂર્ચ્છા દૂર કરી સચેતન કર્યો.

હે રાજન્ ! આ બાળક સામાન્ય બાળક નથી... મહાપ્રભાવિક થશે... આજ ભવમાં કેવળજ્ઞાન પામી

મોક્ષમાં જશે. તમારા ઉપર મોટો ઉપકાર કરનારો થશે. એમ જણાવીને પોતાના કંઠમાંથી હાર કાઢી એ બાળકને પહેરાવ્યો અને પોતે સ્વસ્થાને ગયા.

રાજા બાળકને હાથી ઉપર બેસાડી, વાજતે-ગાજતે, ધામધૂમથી એના ઘરે પહોંચાડે છે અને સ્વયં પોતાના મહેલમાં પાછા ફરે છે. બાળકનું નામ નાગકેતુ પાડવામાં આવ્યું. બાળક યુવાવસ્થાને પામતાં ધર્મ આરાધક એવં જિતેન્દ્રિય થયો. સર્વત્ર એની પ્રશંસા થવા લાગી. એકદા વિજયસેન રાજાએ એક નિરપરાધી માણસ ઉપર ચોરીનો ખોટો આરોપ મૂકી દેહાંત દંડની સજા ફરમાવી. તે પુરુષ મરીને વ્યંતર થયો. પોતાને નિરપરાધી હોવા છતાં મારનાર રાજા ઉપર અત્યંત ક્રોધ થયો અને એણે રાજ્યસભામાં આવી રાજાને લાત મારી સિંહાસન ઉપરથી નીચે ફેંકી દીધો અને રૂધિર વમતો કરી નાંખ્યો. પછી રાજા અને નગરીના નાશ માટે નગર પ્રમાણ શિલા વિકુર્વી રાજાને કહ્યું - ''નિરપધારી એવા મને મોતના ઘાટ ઉતારનાર તું હવે તારા કર્મના ફળ ભોગવ.''

રાજા-પ્રજા બધા જ અત્યંત ભયભીત થયા ત્યારે નાગકેતુ વિચાર કરે છે મારા જીવતાં જિનાલય અને સંઘનો નાશ કેવી રીતે થઇ શકે ? એ જિનાલયના શિખર ઉપર ચઢી હાથ ઉંચો કરી શિલાને અદ્ધર ઝીલી રાખે છે... દેવનો તિરસ્કાર કરે છે. તે સમયે વ્યંતરદેવ નાગકેતુના તપ તેજને સહન કરી શકતો નથી... શિલાસંહરી નાગકેતુના ચરણોમાં નમી પોતાના અપરાધની ક્ષમા માંગે છે... બધા સ્વસ્થાને જાય છે.

સમય જતાં એકદા જિનપૂજા કરતાં પુષ્પમાંથી નિકળેલાં તંબોલી સર્પે નાગકેતુને દંશ આપ્યો... શરીરમાં

ઝેર વ્યાપ્યું... નાગકેતુ શુભ ભાવોમાંથી શુદ્ધ ભાવોમાં ઉપર ચઢે છે... ક્ષપક શ્રેણી માંડી કેવળજ્ઞાન અને કેવલદર્શન પામે છે. શાસનદેવી સાધુનો વેશ આપે છે. ઘણા સમય સુધી પૃથ્વીતલ ઉપર વિચરી ધરાને પાવન કરતાં અનેક ભવ્યાત્માઓને તારી સ્વયં સિદ્ધ-બુદ્ધ બને છે. સિદ્ધશિલા ઉપર બિરાજમાન થાય છે.

નાગકેતુના સુંદર તપોમય જીવન ચરિત્રને જાણીને જે જીવો છઠ્ઠ-અઠ્ઠમાદિ તપ કરીને કલ્પસૂત્ર સાંભળે છે તે જીવો આઠ ભવમાં મોક્ષ નગરીમાં બિરાજમાન થાય છે. એક ચિત્તથી પૂજા-પ્રભાવના સહ જે જીવો એકવીસવાર કલ્પસૂત્ર સાંભળે છે તે શીઘ્ર સંસાર સાગર તરી જાય છે. વારંવાર કલ્પસૂત્ર સાંભળવાથી જીવ ધર્મમાં જોડાય છે. દર્શન-પૂજા-સામાયિક-પ્રતિક્રમણાદિ કરવાના ભાવ જાગે છે. ધર્મમય પ્રવૃત્તિ, વૃત્તિને પણ ધર્મમય બનાવે છે. મન-વચન-કાયા ધર્મના રંગે રંગાઇ જાય છે. સ્વયં ધર્મ આરાધનામાં જોડાઇને અનેકોને ધર્મમાર્ગમાં જોડે છે. સ્વ પર કલ્યાણ કરનાર બને છે.

કલ્પસૂત્ર પ્રત્યાખ્યાન પ્રવાદ નામના નવમાં પૂર્વમાંથી ચૌદ પૂર્વધારી યુગપ્રધાન શ્રી ભદ્રબાહુસ્વામિએ ઉદ્ધરેલ શ્રી દશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન છે. અત્યંત વિશ્વાસનીય શ્રુતકેવલી ભગવંતનો ઉદ્ધરેલ આ કલ્પસૂત્ર ગ્રંથ અત્યંત માનનીય... સન્માનનીય... વંદનીય... પૂજનીય, આદરણીય અને આચરણીય છે.

દ્રષ્ટિવાદ નામના બારમા અંગમાં ચૌદ પૂર્વનો સમાવેશ થાય છે. ચૌદ પૂર્વ અત્યંત વિશાળ અને અનેક લબ્ધિ-સિદ્ધિઓથી ભરપૂર છે. એમનું પ્રમાણ જણાવતાં જ્ઞાની ભગવંત જણાવે છે કે –

# ચૌદ પૂર્વ

પ્રથમ ઉત્પાદપૂર્વ અંબાડી સહિત એક હાથી જેટલી મશીની શાહીથી લખાય.
બીજો આગ્રાયણી પૂર્વ બે હાથી જેટલી મશીની શાહીથી લખાય.
ત્રીજો વીર્યપ્રવાદ પૂર્વ ચાર હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.
ચોથો આસ્તિનાસ્તિ પ્રવાદ પૂર્વ આઠ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.
પાંચમો જ્ઞાન પ્રવાદ પૂર્વ સોળ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.
છઠ્ઠો સત્યપ્રવાદ પૂર્વ બત્રીસ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.
સાતમો આત્મપ્રવાદ પૂર્વ ચોસઠ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.
આઠમો કર્મપ્રવાદ પૂર્વ ૧૨૮ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.
નવમો પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ ૨૫૬ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.
દસમો વિદ્યા પ્રવાદ પૂર્વ ૫૧૨ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.
અગિયારમો કલ્યાણ પ્રવાદ પૂર્વ ૧૦૨૪ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.
બારમો પ્રાણાવાય પ્રવાદ પૂર્વ ૨૦૪૮ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.
તેરમો ક્રિયા વિશાલ પૂર્વ ૪૦૯૬ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.

ચૌદમો લોકબિંદુસાર પૂર્વ ૮૧૯૨ હાથી પ્રમાણ મશીની શાહીથી લખાય.

બધા જ ચૌદ પૂર્વને લખવા ૧૬૩૮૨ હાથી પ્રમાણ મશીની શાહી જોઈએ. આ ચૌદ પૂર્વ પહેલા કોઈએ લખ્યા નથી... લખાતા નથી... ભવિષ્યમાં લખશે પણ નહીં. કેવલી ભગવંતે પોતાના જ્ઞાનથી આ પ્રમાણ જણાવેલ છે.

પહેલાનાં સમયમાં ભાદરવા સુદ પાંચમના સાંવત્સરીક પ્રતિક્રમણ પછી મધ્યરાત્રીએ શ્રી ગુરુ મહારાજ ઉભા રહીને મુખપાઠથી કલ્પસૂત્ર કહેતા... તેને બધા મુનિ ભગવંતો કાઉસ્સગ્ગમાં સાંભળતા. બીજા દિવસે ભાદરવા સુદ ૬ ના ગુરુ ભગવંત સાધ્વીજીઓને સંભળાવતા એવી પરંપરા હતી.

પ્રભુ મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે પુસ્તકો લખાણા ત્યારે કલ્પસૂત્ર લખાયું. પછી ૯૯૩માં વર્ષે આનંદપુર (વડનગર)માં ધ્રુવસેન રાજાનો એક જ પુત્ર હતો તે મૃત્યુ પામ્યો. રાજા પુત્રના શોક નિમિત્તે ઉપાશ્રયમાં આવતા ન હતા. તેથી બીજા શ્રેષ્ઠિઓ પણ આવતા નહીં. હવે ગુરુ મહારાજે રાજસભામાં આવીને કહ્યું - ‘‘હે રાજન્ ! તમારા પુત્ર વિયોગના દુઃખમાં આખું નગર દુઃખી છે. સંસાર અસાર છે. પુત્ર-પરિવાર, શરીર-સમૃદ્ધિ બધું અનિત્ય છે... નાશવંત છે. સંયોગમાં વિયોગ છુપાયેલ છે. જે જન્મે છે તેનું મરણ નિશ્ચિત છે. હે પૃથ્વીપતિ ! હવે તમારે શોકનો ત્યાગ કરવો જોઈએ. તમે પર્યુષણ પર્વના ભાદરવા સુદ પાંચમના ઉપાશ્રયમાં આવો તો નવમા પૂર્વમાંથી ઉદ્ધરેલ મહામંગલકારી એવું શ્રી કલ્પસૂત્ર વાંચી સંભળાવું. ત્યારે રાજવીએ કહ્યું - ‘‘મારે પણ શોક નિવારવો છે. ભાદરવા સુદ ૫ ના ઈન્દ્ર મહોત્સવ છે તેથી હું ચોથ અથવા છટ્ઠના

ઉપાશ્રયમાં આવું.'' તેથી ગુરુ ભગવંતે રાજાને ચોથના આવવા જણાવ્યું.ચોથના રાજા ઉપાશ્રયમાં આવ્યા... ગુરુ ભગવંતે સભા સમક્ષ કલ્પસૂત્ર વાંચીને સંભળાવ્યું.. ત્યારથી સંઘમાં કલ્પસૂત્ર વાંચનનો પ્રારંભ થયો. પછી કારણ વિના પણ કેટલાક આચાર્યોએ ભાદરવા સુદ ૪ ના સંવત્સરી કરવાનું ચાલુ રાખ્યું જ્યારે બીજાઓએ આગમ પરંપરા જાળવીને પાંચમના જ સંવત્સરી કરવાનું રાખ્યુ. ભાદરવા સુદ પાંચમ જિનશાસનની જેમ અન્ય ધર્મોમાં પણ આરાધવા યોગ્ય છે.

## ઋષિ પંચમીની કથા

પુષ્પાવતી નગરીમાં નીલકંઠ નામે દરિદ્રી બ્રાહ્મણ રહે છે...

તેની સોમા નામની સ્ત્રી અને ઈન્દ્રદેવ નામનો પુત્ર હતો...

સમય વ્યતીત થતાં માતા-પિતા મૃત્યુ પામ્યા...

પિતા મરીને પુત્રના ઘરે બળદ થયા... માતા મરીને કુતરી થઇ...

પિતાના શ્રાદ્ધનો દિવસ આવ્યો... પુત્ર વિચારે છે આ અવસર કેવી રીતે સચવાશે ?

ઘણા વિચારના અંતે એણે તે દિવસે બળદને તેલીના ઘરે ભાડે ખેડવા દીધો. ભાડાના પૈસાથી દુધ-ચોખા-ઘી-લોટ વિગેરે લાવી બ્રાહ્મણોને જમવા આમંત્રિત કર્યા.

કુતરી થયેલી માતા ફરતી ફરતી પોતાના પૂર્વભવના ઘરને જુએ છે. જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના

ઘરમાં પ્રવેશ કરીને ચારે બાજુ નજર કરે છે. ત્યાં ઉપર જોતાં ઘરની વલીઓમાંથી જતા એવા સર્પના મુખમાંથી ઝેર દુધમાં પડતું જોયું. તેથી તેણે વિચાર કર્યો કે ''જો આ ખીર બ્રાહ્મણો ખાશે તો નિશ્ચે મરણ શરણ થશે. મહા અનર્થકારી બ્રહ્મહત્યા થશે. મહાપાપ લાગશે. તેમજ મારા પુત્ર અને વહુ પણ મૃત્યુ પામશે.''

આ અનર્થને નિવારવા વહુના જોતાં જ કુતરીએ ખીરમાં મોઢું નાખ્યું. તે જોઇ વહુ અત્યંત ક્રોધે ભરાણી. એણે કુતરીને મુશલથી માર મારી એની કેડ ભાંગી નાંખી. કુતરી રાડો પાડતી જ્યાં ગાયની ગમાણ હતી ત્યાં જઇ નીચે પડી. પુત્રે બીજી ખીર બનાવી બ્રાહ્મણોને જમાડી પિતાના શ્રાદ્ધનો દિવસ સાચવ્યો. પુત્ર પોતે જમીને થાકી ગયો હોવાથી ખાટલો લઇ ગમાણમાં જઇ સૂતો. સાંજ થતાં તેલી બળદને ત્યાં બાંધી ગયો.

આ સમયે કુળદેવીએ બળદ અને કુતરીના શરીરમાં પ્રવેશ કર્યો... તેમને વાચા આપી. હવે કુતરી બળદિયાને કહેવા લાગી - ''આજે શ્રાદ્ધ તો આપણું હતું અને મિષ્ટાન્ન ભોજન તો બ્રાહ્મણોને મળ્યું એટલું જ નહિં આ પાપી વહૂએ માર મારીને મારી તો કેડ ભાંગી નાંખી. કેવી અસહ્ય પીડા થાય છે ?''

બળદ કહેવા લાગ્યો - ''આ પાપી પુત્રે આજે મને પણ ઘણું દુઃખ આપ્યું છે. તેલીને ભાડે આપી આખો દિવસ મને ચલાવ્યો છે. ભુખ્યો અને તરસ્યો અહીં લાવી બાંધ્યો છે.''

આવી વાતો કરતા કુતરી-બળદને પુત્રે સાંભળ્યા. તેથી તેણે જાણ્યું કે આ મારા માતા-પિતા છે. તેથી એણે કુતરીને ખીર ખીવડાવી બળદને ચારો-પાણી આપ્યા. પછી તે બ્રાહ્મણ પોતાના માતા-પિતાની સદ્ગતિ માટે ઘણી તીર્થયાત્રાઓ કરે છે. ત્યાં એક મોટા ઋષિવરને પૂછે છે - ''હે ઋષિવર ! તિર્યંચગતિને પામેલા મારા

માતા-પિતાની સદ્ગતિ કેવી રીતે થાય ?

ઋષિએ કહ્યું - 'હે વિપ્ર ! એ બન્ને જીવોએ ઋષિપંચમીને દિવસે અપ્રસ્તાવે કામક્રીડા કરી છે તેનું પાપ લાગવાથી તેઓ તિર્યંચગતિ પામ્યા છે. તેથી તું ભાદરવા સુદિ પાંચમના દિવસે ઋષિપંચમી આવે તે દિવસે બળદની ખેડથી ઉત્પન્ન થયેલા ધાન્યને ખાઇશ નહિં... શુદ્ધ ચોવિહારો ઉપવાસ કરજે. કદાપિ ખાધા વગર ન રહેવાય તો મુઠી અડદના બાકળા ખાજે, જેથી તે બન્ને સદ્ગતિ પામશે.''

બ્રાહ્મણે તે પ્રમાણે કર્યું... તે દિવસથી લોકને વિષે ઋષિપંચમી પર્વ પ્રસિદ્ધ થયું.

જિનશાસનની જેમ અન્ય ધર્મોને વિષે પણ ભાદરવા સુદ પાંચમ આદરણીય પર્વ તરીકે ઉજવાય છે.

કલ્પસૂત્ર વાંચવાના અધિકારી પૂજ્ય ગુરુ ભગવંત છે... સાંભળવાના અધિકારી ચતુર્વિધ શ્રી સંઘ છે.

**કલ્પસૂત્રમાં શું શું છે ?**

કોઇ પણ ગ્રંથની રચનાના પ્રારંભમાં દેવ અને ગુરુને નમસ્કાર કરવામાં આવે છે. અહીં કલ્પસૂત્રની રચના પૂર્વે દેવને નમસ્કાર કરવા રૂપે ચોવિસ તીર્થંકર પરમાત્માના ચરિત્રો છે. ગુરુવંદના કરવારૂપે સ્થવિરાવલી છે જેમાં ગણધર ભગવંતથી માંડીને દેવર્ધિગણી ક્ષમાશ્રમણ સુધીના મહાન મુનિઓની પરંપરા જણાવીને એમને વંદન કરવામાં આવ્યા છે. અંતે મૂળ ગ્રંથરૂપે અઠ્યાવીસ આલાવાવાળી સાધુ સમાચારી જણાવવામાં આવી છે.

કલ્પસૂત્રમાં શ્રી મહાવીર દેવ ચરિત્ર બીજ સમાન છે...

શ્રી પાર્શ્વનાથ ચરિત્ર અંકુર સમાન છે...

શ્રી નેમિનાથ ચરિત્ર થડ સમાન છે...
શ્રી ઋષભદેવ ચરિત્ર શાખા સમાન છે...
શ્રી સ્થવિરાવલી પુષ્પ સમાન છે...
શ્રી સાધુ સમાચારી સુગંધ સમાન છે...
ફળ તો મોક્ષ જ છે.

**કલ્પસૂત્રનું શ્રવણ કરવાથી થતો લાભ –**

ભવોભવના પાપ કર્મોનો નાશ થાય છે.
અપમંગલનો નાશ કરી જીવનમાં મંગલની વૃદ્ધિ કરે છે.
અજ્ઞાનને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ આપે છે.
દેવ-ગુરુ તત્વનો પરિચય કરાવે છે.
ધર્મ પ્રત્યે જાગૃતિ લાવી આચરણને શુદ્ધ બનાવે છે.
આત્મા ઉર્ધ્વગામી બનીને સત્વરે મોક્ષગામી બને છે.

## પર્વાધિરાજ દરમ્યાન સાધુ-સાધ્વીજી ભગવંતોએ શું કરવું ?

પર્વાધિરાજ પર્વ દરમ્યાન સાધુ-સાધ્વીજી ભગવંતોએ-

* ચૈત્યપરિપાટી કરવી... જિન પ્રતિમાઓના દર્શન-વંદન કરવા.
* સાધુ-સાધ્વીજી ભગવંતોને વંદના કરવી.
* સંવત્સરી પ્રતિક્રમણ પહેલા લોચ કરાવવો.
* અટ્ઠમાદિ સવિશેષ તપશ્ચર્યા કરવી.
* પ્રથમ બે દિવસ અષ્ટાન્હિકા પર્વ વાંચવું.
* પર્વાધિરાજના કર્તવ્યોની સમજ આપવી.
* પાંચ દિવસ સુધી કલ્પસૂત્ર વાંચવું.
* સવંત્સરીના દિવસે કલ્પસૂત્ર મૂળ (બારસા સૂત્ર) વાંચવું.
* સાવંત્સરિક પ્રતિક્રમણ કરી સર્વ જીવો સાથે ક્ષમાપના કરવી.
* ઉપદેશ આપી ભવ્ય જીવોને ધર્મમાં જોડવા-સ્થિર કરવા.

## પર્વાધિરાજમાં શ્રાવક-શ્રાવિકાઓએ શું કરવું ?

* પર્વાધિરાજના આઠ દિવસ અમારિ પાળવી.
* શક્ય હોય તો આઠ દિવસ વેપાર-ધંધો બંધ રાખવો.
* જિનાલયમાં ઉત્સાહથી અટ્ઠાઇ મહોત્સવ કરવો જોઇએ.

* છઠ્ઠ-અઠ્ઠમ-અઠ્ઠાઇ વિગેરે તપશ્ચર્યામાં જોડાવવું જોઇએ.
* ચોસઠ પ્રહરી પૌષધ કરવો જોઇએ.
* ગામના બધા જ જિનાલયોને જુહારવા જોઇએ.
* બધા સાધુ-સાધ્વીજી ભગવંતને વંદના કરવી જોઇએ.
* અખંડપણે સુપાત્રમાં દાન આપવું જોઇએ.
* શ્રી સંઘ ભક્તિ કરવી જોઇએ.
* શ્રીફળ, બદામ, પતાસા એવં જયણા અને ધાર્મિક ઉપકરણોની પ્રભાવના કરવી જોઇએ.
* સચિત્તનો ત્યાગ કરવો જોઇએ.
* બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ.
* શક્તિ પ્રમાણે દ્રવ્ય વાપરી દાનધર્મ આચરવો જોઇએ.
* શ્રુતજ્ઞાનની ભક્તિ કરવી જોઇએ.
* વિધિ પૂર્વક કલ્પસૂત્ર સાંભળવું જોઇએ.
* સવાર-સાંજ પ્રતિક્રમણ કરવું જોઇએ.
* કર્મક્ષય નિમિત્તે કાયોત્સર્ગ કરવો જોઇએ.

પર્વાધિરાજ પર્યુષણના પ્રથમ બે દિવસ (શ્રાવણ વદિ ૧૩ અને ૧૪) સાધુ-સાધ્વીજી ભગવંતો પર્યુષણા અષ્ટાન્હિકા વ્યાખ્યાન વાંચે.

શ્રાવણ વદિ અમાવાસના દિવસે કલ્પસૂત્રની માંડણી (પીઠિકા) વાંચે. વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ કલ્પસૂત્રના બહુમાનાર્થે શ્રાવકો મહામહોત્સવ પૂર્વક ગુરુ વંદન કરી ગુરુ પાસેથી લઈને શ્રી કલ્પસૂત્ર ભાવિક શ્રાવકના ઘરે પધરાવે. કલ્પસૂત્રને ઘરમાં પધરાવવાથી ઘરના અણુ-પરમાણુ શુદ્ધ થાય છે. અશુભ તત્વ કે નકારાત્મક શક્તિનો નાશ થઈને શુભ-સાત્વિક અને સકારાત્મક શક્તિનો સંચાર થાય છે. જે જે માર્ગ ઉપરથી કલ્પસૂત્ર પસાર થાય એ માર્ગમાંથી પણ અશુભની બાદબાકી થઈ શુભશક્તિમાં વૃદ્ધિ થાય છે. શ્રાવકના ઘરે ચંદરવા-પુઠીયાથી શણગારેલા ઉચ્ચ સ્થાનમાં કલ્પસૂત્ર પધરાવવામાં આવે છે. અખંડ ધુપ-દીપ સાથે રાત્રી જાગરણ કરવામાં આવે છે. કલ્પસૂત્રની - શ્રુતની ભક્તિ કરવામાં આવે છે. વાસક્ષેપ પૂજા કરવામાં આવે છે. જ્ઞાનના ચૈત્યવંદન પછી આરતિ ઉતારી વિવિધ પ્રકારે શ્રુતભક્તિ કરવામાં આવે છે. જીવો ઘણા જ્ઞાનાવરણીય કર્મનો ભૂકો બોલાવી આત્મનિર્મળતા પામે છે.

બીજા દિવસે ભાદરવા સુદ એકમના મોટા આડંબરથી એક કુમારને શણગારી હાથી અથવા ઘોડા ઉપર બેસાડી, હાથમાં પુસ્તકનો થાળ આપી ઉપર પુષ્પ શ્રીફળ વગેરે ચડાવી ગીતગાન કરતા પોથી લઈ ફરી ગુરુ પાસે આવીને પોથી આપીને વંદન કરી વાચના કરાવે.

ગુરુએ વાચના કરતા પહેલા પ્રથમ મંગળરૂપ ગાથા કહેવી તે નીચે પ્રમાણે છે.

पुरिमचरिमाणकप्पो, मंगलं वद्धमाण तित्थंमि ।

इह परिकहिया जिणगण-हराइ थेरावलि चरित्तम् ।।

**અર્થ** - પહેલા શ્રી ઋષભદેવ તીર્થંકર અને છેલ્લા શ્રી મહાવીર તીર્થંકર થયા. તેમાં શ્રી મહાવીર જિનેશ્વરના તીર્થને વિષે મંગલ નિમિત્તે આ કલ્પસૂત્ર છે.

કલ્પસૂત્રનો મહિમા જાણી કલ્પસૂત્ર સાંભળવા સજ્જ બનીએ.